Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

शार्दूलविक्रीडितवृत्तम् ॥

कालो दुस्तर आगतो जनमनो भोगेषु मग्नं भृशम् ।
धर्मो विस्मृत आत्मरूपमहहा न ज्ञायते केनचित् ॥
धावन्तीह जना धनाय बहुशः कामाहतास्तद्धृदि ।
'आत्मानन्द प्रकाश' दीपकिरणं प्राप्नोतु शश्वत्पदम् ॥ १ ॥

पु. २०. | वीर सं. २४४९. माह आत्म सं. २७. | अंक ७ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ કુદરતનું સૌંદર્ય ... | ૧૫૯ | ૭ સાધનો અને આદર્શ. | ૧૬૯ |
| ૨ કલ્યાણના અર્થીજનોએ કેવું વર્તન રાખવું જોઇએ. | ૧૬૦ | ૮ પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજની સ્તુતિ. ... | ૧૭૨ |
| ૩ આત્મસ્વરૂપી ભાઇ બહેનોને નમ્ર નિવેદન. ... ... | ૧૬૨ | ૯ મોહ પરાજય. ... | ૧૭૩ |
| ૪ અહિંસા પરમોધર્મ ક્યાં છે? | ૧૬૨ | ૧૦ પ્રકીર્ણ વિચારો. ... | ૧૭૬ |
| ૫ જૈનબંધુઓનો કર્તવ્ય માર્ગ ... | ૧૬૩ | ૧૧ સ્ફુરણ ... ... | ૧૭૮ |
| ૬ મહાન્ મહાવીરની પ્રભુતા. ... | ૧૬૮ | ૧૨ વર્તમાન સમા. ગ્રંથાવલોકન. | ૧૮૧-૧૮૨ |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## ખાસ વાંચવા યોગ્ય જૈન ઇતિહાસિક ગ્રંથ—

# "શ્રી કુમારવિહાર શતક."

( મૂળ અવચૂરિ અને સવિસ્તર ગુજરાતી ભાષાંતર સાથે )

આ ગ્રંથના મૂળ કર્તા શ્રીમાન્ રામચંદ્ર ગણિ કે જેઓ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના મુખ્ય વિદ્વાન શિષ્ય હતા. જેમણે આ ગ્રંથ બારમા સૈકાના અંતમાં બનાવ્યો છે, તેના ઉપર શ્રી સોમસુંદરસૂરિના પરિવારમાં થયેલા સુધાભૂષણ ગણીએ અવચૂરી (સંસ્કૃતમાં) બનાવી છે તે બંને સાથેનું સવિસ્તર ભાષાંતર પણ આ ગ્રંથમાં આપવામાં આપેલું છે. જેમ સંસ્કૃત કાવ્યની દૃષ્ટિએ આ ગ્રંથ પ્રતિભાવાન છે, જૈન સાહિત્યનું ઉચ્ચ સ્વરૂપ છે, તેમ જૈન ઇતિહાસની દૃષ્ટિએ તેરમા સૈકામાં જૈનોની જાહોજલાલી, ગૌરવતા, પ્રાચીનતા, પ્રભાવશિલતા બતાવનાર પણ આ એક અપૂર્વ ગ્રંથ છે. કારણ કે આ ગ્રંથમાં ગુર્જરપતિ જૈન મહારાજા શ્રી કુમારપાળે અણહિલપુર પાટણમાં પોતાના પિતાશ્રી ત્રિભુવનપાલના નામથી બનાવેલ પ્રાસાદ ( જીનમંદિર કે જેમાં શ્રીમાન્ હેમચંદ્રસૂરિએ શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રતિષ્ઠિત કરેલ છે; તે ચૈત્ય-મંદિરની અદ્ભુત શોભાનું ચમત્કારિક વર્ણન આપેલું છે. આ પ્રાસાદમાં બ્હોંતેર દેવકુલીકા હતા. ચોવીશ રત્નની, ચોવીશ સુવર્ણની, ચોવીશ રૂપાની અને ચોવીશ પીતળની, તેમ અતિત અનાગત અને વર્તમાન કાળનાં પ્રભુપ્રતિમા હતા. મુખ્ય મંદિરમાં એકસોચોવીશ આંગળ ચંદ્રકાન્તમણીની પ્રતિમા હતા. મંદિરનું બાંધકામ, રચના, તેનું ચિત્રકામ-શિલ્પકામની સુંદરતા એટલી બધી છે કે જે આ ગ્રંથ વાંચવાથી આત્માને અપૂર્વ આનંદ સાથે કુમારપાળ રાજાની દેવભક્તિ માટે આશ્ચર્ય ઉત્પન્ન થાય છે; સાથે તે વખતનો ઇતિહાસ પણ જાણવામાં આવે છે. ગ્રંથ ખરેખર વાંચવા-જાણવા જેવો છે.

આ ગ્રંથ લાંબો સમય સચવાય તે માટે ઉંચા ઇંગ્લીશ આર્ટ પેપર ઉપર સુંદર ટાઇપમાં છપાવેલ છે. તમામ લાભ લઇ શકે તે માટે પ્રત આકારમાં છપાવેલ છે. પાટલી પણ ઉંચા કપડાની કરવામાં આવેલ છે છતાં કિંમત રૂા. ૧-૮-૦ પોસ્ટ ખર્ચ જુદો.

લખો—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

---

"તૈયાર છે. જલદી મંગાવો."

# શ્રી જૈનાચાર્યો તથા જૈન કવિઓ રચિત સંસ્કૃત નાટકો.

જૈન આચાર્યો તેમજ કવિવરોએ દરેક પ્રકારના સાહિત્ય ઉપર દૃષ્ટિ ફેંકી, જૈન સમાજ તેમજ ઇતર દર્શનકારોને પોતાની અનેક કૃતિઓ બનાવી આશ્ચર્યચકિત કરી દીધા છે, તેટલુંજ નહીં પણ પ્રાકૃત અને સંસ્કૃત ભાષા માટે પોતાની અપૂર્વ વિદ્વત્તા પ્રકટ કરી છે, તેવા નાટકો વાંચતા ભાષાના અભ્યાસની વૃદ્ધિ થાય છે અને વાચકને પણ ઘણું જ્ઞાન થવા સાથે જૈન દર્શનના ઇતિહાસ-સાહિત્યનું પણ ભાન થાય છે, સાથે રસ પડતાં આત્માની પણ નિર્મળતા થાય છે. તેવા નાટકો નીચે મુજબ અમારા તરફથી પ્રસિદ્ધ થયા છે. ઉંચા કાગળો, સુંદર ટાઇપ અને સુશોભિત બાઇડીંગથી તે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. સર્વ એક સરખો લાભ લઇ શકે તે માટે કિંમત માત્ર નામની રાખી છે, તે નાટકો નીચે મુજબ છે.

૧ દ્રૌપદી સ્વયંવર નાટક ૦-૪-૦
૨ કુરૂણાવજ્રાયુધ નાટક ૦-૪-૦
૩ કૌમુદી મિત્રાનંદ નાટક ૦-૮-૦
૪ પ્રબુધ રોહિણેય નાટક ૦-૬-૦
૫ ધર્માભ્યુદય નાટક ૦-૬-૦
( પોસ્ટેજ જુદું. )

મળવાનું ઠેકાણું—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

॥ परोपकारः सम्यक् क्रियमाणो धीरतामभिवर्धयति, दीनतामपकर्षति, उदचित्ततां वित्ते, आत्मम्भरितां मोचयति, चेतोवैमल्यं वितनुते, प्रभुत्वमाविर्भावयति; ततोऽसौ प्रादुर्भूतवीर्योल्लासः प्रणष्टरजोमोहः परोपकारकरणपरः पुरुषो जन्मान्तरेऽप्युत्तरोत्तरक्रमेण चारुतरं सन्मार्गविशेषमासादयति ॥

पुस्तक २० ] वीर संवत् २४४९ माह. आत्म संवत् २७. [ अंक ७ मो.

## कुदरतनुं सौंदर्य.

( હરિગીત. )

અતિરમ્ય સરિતા તટપરે દગ્ દિવ્ય દશ્ય નિહાલતી,
કુદરત કૃતિની ભવ્યતા ત્યાં સર્વસ્થળ વ્યાપી હતી;
વિધવિધતા વન વૃક્ષની મનહર સુપુષ્પે શોભતી,
પશુ પક્ષીના કલરવ તણી માધુર્યતા તેમાં હતી. ૧

પ્રાતઃ અને સંધ્યા તણા બહુ વિધ રંગ વિલોકતા,
માનવ કૃતિ મુફલીસ સાદશ લેશ ના સરખાવતા;
સંયોગી ભાવ છતાં નહીં તદ્રૂપતા ષટ્ દ્રવ્યની,
અનુભવ થકીજ જણાય સુંદર શાખ છે સત્ શાસ્ત્રની. ૨

ઉત્પાદ વ્યયને ધ્રુવની ઘટના તણા સન્માર્ગને,
અવલોકવા મન ઉતર્યું ઉંડાણમાં ધરી ધૈર્યને;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગળ જતાં અટકી ગયું શમ વિષમ વિકટ વિરોધથી,
લૌકિક દૃષ્ટિના ગૃહે તદ્જન્ય લૌકિક ભાવથી, ૩
જે માર્ગિ લોકોત્તર બન્યા સદ્જ્ઞાનના પરિપાકથી,
કુદરત તણા ઉંડાણને અવગાહતા આનંદથી;
કુદરત બને અનુકુળ તેવો યોગ ભ્રાતુ ! કેળવો,
માનવ જનમ સાફલ્ય સંગત સંત જનની મેળવો, ૪

વેલચંદ ધનજી.

# કલ્યાણના અર્થી જનોએ કેવું વર્તન રાખવું જોઇએ ?

૧ સન્માર્ગગામી—માર્ગાનુસારી થવું જોઇએ, ન્યાયનિષ્ઠ, નીતિચુસ્ત પ્રમાણિક બનવું જોઇએ. સત્યાગ્રહી થવું જોઇએ.

૨ સ્વકુળને શોભે એવો ગમે તે પ્રમાણિક ધંધો કરી સ્વકુટુંબ સાથે સ્વજીવન નિર્વાહ કરવો જોઇએ.

૩ આવકના પ્રમાણમાંજ ખર્ચ કરવું જોઇએ. ઉડાઉ નહીં થતાં સાદાઇ અને કરકસરના નિયમો લક્ષમાં રાખી સંતોષ વાળવો અને જે બચત રહે તેમાંથી દીન—દુઃખી જનોને યોગ્ય આશ્રય આપી તેમને સંતોષવા બનતો પ્રયત્ન કરવો જોઇએ.

૪ સહુને આપણા મિત્ર કે બંધુ સમાન લેખવા જોઇએ.

૫ દુઃખી જનોને યોગ્ય આશ્વાસન આપી હરેક રીતે તેમનું દુઃખ દૂર કરવા કે કમી કરવા મથવું જોઇએ.

૬ સુખી કે સદ્ગુણી જીવોને દેખી રાજી–પ્રમુદિત થવું જોઇએ, અને આપણે એવીજ ઉત્તમ ચાહના રાખી તેમનું શુભ અનુકરણ કરવું જોઇએ.

૭ ગમે એવા નીચ નિંદક જેવા નાદાન ઉપર પણ દ્વેષ કે કોપ નહીં કરતાં કરૂણાબુદ્ધિથી તેમને સુધારવા પ્રયત્ન કરતાં છતાં, વિપરીત પરિણામ આવતું લાગે તો તેની ઉપેક્ષા કરી પ્રમાદરહિત અન્ય ઉચિત હિત આચરણ કરી લાભ ઉપાર્જન કરતાં રહેવું જોઇએ.

૮ સહુ જીવોને સ્વ આત્મા સમાન લેખી, કોઇને દુઃખ–પ્રતિકૂળતા ઉપજે એવું અહિત આચરણ કરવાથી વિરમવું અને એકાન્ત હિત આચરણ કરવું.

૯ કામ, ક્રોધ, મોહ, મદ અને મચ્છર પ્રમુખ અંતરંગ શત્રુઓનું ખુબ ચીવટથી દમન કરતાં રહેવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ માતપિતા, સ્વામી, વિદ્યાગુરૂ અને ધર્મગુરૂની શુદ્ધ નિષ્ઠાથી સેવા–ચાકરી હર્ષ સહિત કરવી.

૧૧ કોઇની નિંદા, ચુગલીથી સદંતર દૂરજ રહેવું.

૧૨ સુખ દુઃખમાં હર્ષ ખેદ નહીં કરતાં સમભાવે રહેતાં શીખવું. સિંહની જેમ શૂરવીર પણે ચાલવું, પણ શ્વાનની જેવી નિર્બળતા દાખવવી નહિંજ.

૧૩ આશ્રિત વર્ગની યોગ્ય વખતે બરાબર સંભાળ કરવી–પોષ્ય વર્ગનું વખતસર પોષણ કરવું.

૧૪ સદ્દગુણી જનોનો સહર્ષ વિનય–સત્કાર કરવો.

૧૫ શુદ્ધ દેવ ગુરૂ ધર્મ બરાબર ઓળખી–પારખી લેવા.

૧૬ તેમની નિઃસ્વાર્થ સેવા માટે બને એટલું આત્માર્પણ કરવું. તન–મન ધનનો સદ્દવ્યય સંકોચ રહિત કરવો.

૧૭ આત્માની શક્તિ જાગૃત કરી નિર્બળ જીવોનું રક્ષણ કરવું.

૧૮ ઇન્દ્રિયો અને કષાયોનો નિગ્રહ કરી, તન મન વચનથી હિંસાદિક પાપનો સંપૂર્ણ ત્યાગ કરવારૂપ સંયમવડે આત્માની અનંત શક્તિઓ જાગૃત થઇ શકે છે.

૧૯ સહુ આત્માને હિતરૂપ થાય એવું પ્રિય અને સત્ય વદવું.

૨૦ ન્યાય દ્રવ્યજ ઇચ્છવું, પર દ્રવ્ય પથ્થર તુલ્ય લેખવું.

૨૧ સ્વ સ્ત્રી સંતોષી થવું. પર સ્ત્રીને મા–બેન સમાન લેખવી.

૨૨ પરિગ્રહ પ્રમાણ કરવું.–લોભની મર્યાદા કરી લેવી.

૨૩ સ્વાર્થ પૂરતી જાવા આવવાની દિશાની મર્યાદા બાંધવી.

૨૪ પન્નર કર્માદાન–મહાપાપ આરંભના વ્યાપારથી સાવ દૂર રહેવું, અને ખાસ જરૂરીયાત વગરના ભોગોપભોગનો નિયમ કરવો.

૨૫ અનર્થ દંડ–નકામો પાપોપદેશ, કુવ્યસન, અશુભ ધ્યાન, નીચ (અસતી) પોષણ, કામોદ્દીપન, ખેલ કુતૂહલાદિ તજવાં.

૨૬ રાગ દ્વેષાદિક દોષનિવારક ને સમતા–ચારિત્ર ગુણપોષક અને જન્મ મરણાદિ દુઃખ શોષક સામાયિક વ્રતનું પાલન બને તેટલી વાર કરવા અવશ્ય અભ્યાસ રાખવો.

૨૭ પાપની રાશિ ઓછી આવે એવાં નિત્ય નિયમો ધારવાં.

૨૮ દરેક આઠમ ને પાખી પ્રમુખ પર્વ દિવસે તો જ્ઞાન ધ્યાન તપવડે આત્માને વિશેષ પોષવો. ( હંમેશ કરતાં અધિક ભાવે. )

૨૯ નિસ્પૃહી સંતજનોની ભક્તિ કર્યા પછી પોતે ભોજન કરવું. ઈતિ શમ્

લે૦ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આત્મ નિરીક્ષણનો અભ્યાસ કાયમ રાખવા માટે આત્મ સ્વરૂપી સહુ સજ્જન ભાઇબ્હેનોને નમ્ર નિવેદન.

લે૦ સ૦ મ૦ ક૦ વિ૦

કુશળ વ્યાપારી જેમ આવક જાવક, લાભ હાનિનો જમે ઉધાર હિસાબ સાવધાનતાથી ચોકખો રાખવા પ્રયત્ન કરે છે, તેમ સાચા સુખના અર્થી સજ્જનોએ પણ પૂરા પુન્યજોગે સાંપડેલી દશ દ્રષ્ટાન્તે દુર્લભ મનુષ્ય ભવાદિક શુભ સામગ્રી સફળ કરી, લોકોત્તર સુખ પ્રાપ્ત કરવા માટે પોતાની એક પણ કિંમતી ક્ષણ નકામી ન ચાલી જાય, તેમાં કંઇ ને કંઇ જ્ઞાન ધ્યાન વ્રત નિયમનું શ્રદ્ધા ને આદર સહિત પાલન કરવા સાવધાન રહેવાય તેવી ઊંડી કાળજી રાખવી જોઇએ. એનું નામ **આત્મ નિરીક્ષણ** કહી શકાય. તથાવિધ આત્મલક્ષ કે ઉપયોગ વગર કરવામાં આવતી વિવિધ ધર્મ કરણી મોક્ષસાધક શીરીતે બની શકે ? તે વગર કરાતી પૂજા, પ્રભાવના કે પ્રતિક્રમણાદિક ક્રિયા લક્ષ સાંધ્યા વગર ફેંકેલા તીર જેવી નિષ્ફળ પ્રાય સમજવી. સાચા સુખનો ઉપાય ધર્મ સાધના રૂપ છે. અહિંસા, સંયમ અને તપ એ ધર્મનું લક્ષણ છે. આત્મલક્ષ-ઉપયોગ સહિત ઉક્ત ધર્મનું યથાવિધિ સેવન કરાય તો તે મહા મંગળ રૂપ છે. વાસ્તવિક રીતે આત્માનો શુદ્ધ વિશુદ્ધ ભાવ-ઉપયોગજ ધર્મનો ખરો પ્રાણ રૂપ હોય પ્રમાણ રૂપ છે તેથીજ તે સાધુ હો કે ગૃહસ્થ હો, રાજા હો કે રંક હો, પુરૂષ હો કે સ્ત્રી હો, સહુને એકાન્ત હિત શ્રેય ને કલ્યાણકારી થવા પામે છે. આવી સદ્બુદ્ધિ સાથે શુદ્ધ શ્રદ્ધાન અને સદાચરણ પરાયણ પુરતું ધૈર્ય-બળ ધીરવા પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરવી ઘટે છે. 'જયવીયરાય'ના પાઠમાં એવીજ પ્રાર્થના કરાય છે ખરી; પણ તેના અર્થની સમજ સાથે તે ઉપયોગ સહિત કરાય અને મોહ-પ્રમાદાદિક કાઠીયાનો ત્યાગ કરી સ્વસ્વ અધિકાર (યોગ્યતા) અનુસારે તથાવિધ ધર્મકરણી નિષ્કપટપણે કરવાનો ખપ જાગે તો ઉકત પ્રાર્થનાની સાર્થકતા સહેજે શીઘ્ર થવા પામેજ. જેમની સાથે કંઇ પણ વૈમનસ્ય (વિરોધ) થયેલ હોય તે ત્રિકરણ શુદ્ધિથી ટાળી તેમને સરલ દીલથી જેમ બને તેમ વ્હેલાસર ચેતીને સંવત્સરી સુધીમાં ખમવા-ખમાવવાની શુભ પ્રથાને લક્ષમાં રાખી હું સહુ ભાઇબ્હેનોને નમ્રભાવે ખમાવું છું, તે સહુ ખમીને ઉપકૃત કરશો. ઇતિશમ્.

## અહિંસા પરમો ધર્મ કયાં છે ?

રચનાર—કવિ સાંકળચંદ. મુ૦ અમદાવાદ.

સાદી લાવણી—મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી-એ રાગ.

સુણો શ્રાવકજી શ્રદ્ધા વિવેકને કિરિયા, એ ધર્મ તમારો ધારો ગુણના દરીયા;
કહે પ્રભુ પોકારી જીવ લાળીયા લાળે, સમુર્છિમ ઉત્પન્ન થાય દયા કોણ પાળે ? ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે છતાં એક વાસણ બોળી એક ગોળી, એક ઢીંચે બીજો ઢીંચે ઢીંચે જેમ કોળી;
તેથી એક બીજાની લાળે બહુ જીવો, ઉત્પન્ન થઇને તે મરે લાળ કેમ પીવો ? ૨
બહુ પાપે પેટ ભરાય રોગ બહુ થાવે, વળી એક બીજાનાં લીંટ લાળ ઉર જાવે;
જુઓ વૈદ્ય દાકતરો કહે પોકારી કેવું ? બોટેલા પ્યાલે અડવું નહીં કહે એવું. ૩
ક્ષય કોલેરા ખસ પ્લેગ આદિ બહુ રોગો, ચેપી રોગો અન્યોન્ય થાય સંજોગો;
વળી ઉચ્છિષ્ટ જળની રસોઇ મુનિને આપે, ઉત્તમ શ્રાવકને દેતાં પાતક વ્યાપે. ૪
એ મલીન વારિ યુત નૈવેદ્ય મંદિર મૂકે, જે લાભ ક્રોડનો કોડી ખાતર ચૂકે;
એક ડોયાથી ગોળીથી પાણી લેવું, બીજા વાસણથી પી લુંછીને દેવું, ૫
વળી જળ સ્થાને અક્ષરથી લખવું એવું, ગોળીમાં બોળો ન એઠું વાસણ તેવું;
એમ વિવેક રાખી ક્રિયા કરો ભવિ સાચી, સાંકળચંદ શ્રાવક કુળ દીપાવો રાચી. ૬

# જૈન બંધુઓનો કર્તવ્ય માર્ગ.

**બંધુઓ !** ગયા અંકમાં મેં જણાવેલ હકીકત વાંચી શા નિર્ણય પર આવ્યા ? શું તમને એમ લાગ્યું કે હું તમને અગાધ કર્તવ્ય તરફ દોરી જવા ઇચ્છું છું ? તમને ગમે તેમ લાગે, પરંતુ હું ચોખ્ખી જ વાત કરી નાંખવા માગું છું, તે એ કે-તમે બેમાંથી એક માર્ગ ગમે તે પસંદ કરી લો. કાં તો મર્યાદિત જીવન વ્યવસ્થાનો, અથવા અમર્યાદિત જીવન વ્યવસ્થાનો.

જો અમર્યાદિત જીવનવ્યવસ્થાનો માર્ગ પસંદ હોય, તો પછી આજ કરતાં કાલ, નવી ફેશન ઘરમાં વધારેને વધારે દાખલ કર્યા કરો, જેમ બને તેમ રોજ અપ-ટુ-ડેઇટ બનવા માંડો. તમારી સમાજ, તમારો ધર્મ વેગળો મૂકો. ઉપર ઉપરથી તેને વળગી રહેવાથી શું ? કારણ કે તેને વળગી રહેતાં અમર્યાદિત જીવનવ્યવસ્થાના માર્ગમાં ચાલનારાઓની પાછળ પડી જશો. ઓછા અપ-ટુ-ડેઇટ બનશો, તેથી તે સમુદાયમાં પાછળ પડશો. માટે એ બધું છોડી આગળ ધસો.

ઘેર ગાડી હોય તેને બદલે મોટર લાવો, સાદું ઘર હોય તેને બદલે બંગલો બનાવરાવો, સાદા પહેરવેશને બદલે ભભકાબંધ અને કિંમતી પોષાક પહેરો. તેને માટે ખુબ પ્રવૃત્તિ કરો. પૈસા કમાવા માટે રોજ નવા ધંધા ખોલો. એ રસ્તે જવું જ હોય તો પછી સમાજ, નાતજાત, સંઘ, કે ધાર્મિક સવાલોમાં શા માટે પડો છો ? કારણ કે તમારો ધર્મ તમને સાદાઇ, સંયમ, મર્યાદિત જીવન શીખવે છે, એટલે તમારી ઇચ્છાનો અને તમારા ધર્મશાસ્ત્રના અભિપ્રાયનો મેળ જ કયાંથી મળશે ? તમારી ઇચ્છા અપ-ટુ-ડેઇટ બનવાની છે. અને તમારૂં ધર્મશાસ્ત્ર મર્યાદિત સાદું જીવન ગૃહસ્થ ધર્મિઓને ઉપદેશે છે, અને શ્રમણો માટે પરમ ત્યાગી જીવન ઉપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશો છે. તમને તમારા ધર્મસ્થાનો શૂન્ય જણાય છે. તમારા સામાજીક, ધાર્મિક કાર્યો અર્થરહિત જણાય છે, તેનું કારણ તમારી ઉપેક્ષાજ છે. તમારી ઉપેક્ષાનું મૂળ કારણ મતભેદ છે. તમારે મતે અમુક સારૂં છે. ત્યારે તમારી પ્રાચીન સમાજ વ્યવસ્થા, અને ધાર્મિક વ્યવસ્થાની દૃષ્ટિમાં અમુક સારૂં છે. આમ બન્નેની દિશાઓજ જુદી જુદી છે. તેથી મેળ કયાંથી મળે ? અને કદાચ પરાણે, શરમથી કે દબાણથી પકડી રાખશો તો આખરે છોડવાં પડશે, અને હાલ જે ઉપેક્ષા કરી છે તેના કરતાં વિશેષ ઉપેક્ષા કરશો. કારણ કે અમર્યાદિત જીવન વ્યવસ્થામાં તે જરા પણ મદદ કરનાર નથી, નથી, ને નથી જ. માટે તમે તમારે રસ્તે સુખેથી ચાલ્યા કરો. તે રસ્તે અખતરો કરી જુઓ. અને પછી જયારે તમને તમારા એ માર્ગમાં અશ્રદ્ધા આવે, ત્યારે ખુશીથી તમારા શાસ્ત્રની, પ્રાચીન સમાજ વ્યવસ્થાની મર્યાદા પ્રમાણે વર્તજો. તેમણે ત્રિકાળમાં અબાધિત સર્વે મનુષ્યોને મર્યાદિત સુખ મળે, એક અત્યન્ત સુખી થઇ જાય, અને બીજો અત્યન્ત દુઃખી થઇ જાય, આવી અવ્યવસ્થા બનવા ન પામે; માટે મર્યાદિત જીવનવ્યવસ્થા ઘડી રાખી છે; તેનો ઉપયોગ કરજો. પરંતુ ભવિષ્યમાં તમે બીજાઓના કરતાં પાછળ પડી ગયેલા હશોજ. અમર્યાદિત જીવને તમારા શરીર અને માનસિક શાંતિ ઉપર ભારે અસર નથી કરી ? શું તમને હજુ અનુભવ નથી થયો ? ન થયો હોય તો અનુભવ કરી લ્યો ?

પરંતુ જે યુવકોને મર્યાદિત જીવન ઉપર પ્રેમ હોય, જેમને તેમાંજ મનુષ્ય માત્રની ખરી પ્રગતિ ભાસી હોય, તેમાં જ મનુષ્ય જીવનનો આનંદ જણાયો હોય, તેમાં જ દેશનો, કોમનો, કે ધર્મનો ઉદય દેખાતો હોય, તેમાંજ દીર્ઘાયુષ્ય, નિશ્ચિંતતા સ્પષ્ટ થતી હોય, તેઓએ શામાટે તે જીવન પસંદ ન કરવું ? જો તમને તે જીવન પસંદ જ પડયું હોય તો—

૧ ચોવીસે કલાક એ જીવનનો આદર્શ તમારી સામેજ રાખ્યા કરો, અને તમારૂં બાહ્યાન્તર જીવન તે પ્રમાણે છે કે નહીં તે નિરંતર તપાસ્યા કરો.

૨ તમારા ખર્ચમાં અને જરૂરીઆતોમાં કાપકૂપ મૂકવા માંડો. પહેરવું, ખાવું, પીવું, જવું, આવવું, દરેકમાં સાદાઈ લાવવા માંડો, કપડાંનો ખર્ચ ઘટાડો, ઘરની બીજી જરૂરીયાતોમાં અંકુશ મૂકો, એટલે તેના વિના ન ચાલતું હોય તો પણ ચલાવવું એમ નહિ; પરંતુ ચાલી શકતું હોય, તો પણ શોખ ખાતર, દેખાવ ખાતર તે ન ખરીદશો. સારી ચીજ નજરે પડી એટલે તે લેવાનું મન થઇ જાય, તે વખતે જો તે ચીજ તમારા માટે ખાસ આવશ્યક ન હોય તો મન ઉપર સંયમ રાખી તે ચીજ ખરીદતા ના. તમારા શરીરમાં સાદાઈ હશે, છતાં તમારા આત્મામાં પ્રેમ, શૌર્ય, સત્ય, શીલ, વિગેરે ભર્યાં હશે, તો તમે અને તમારૂં ઘર બન્ને શોભી ઉઠશો, અને જો તમારામાં તે ગુણો ન હોય તો ફરનીચર ગોઠવી ઘર શણગારશો નહીં, અને ફેશનમાં પડી શરીર શણગારશો નહીં. તે નકામા છે. અને ખર્ચ પણ નકામોજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ ધંધો એવો શોધો કે જેમાં શારીરિક મહેનત કરવાની હોય, જેના અંગોનો વધારે લાભ તમારા તાલુકામાં, તમારા શહેર કે ગામમાં કે પાડોશમાંજ રહેતો હોય.

૪ બધી બાબતમાં જમાનાને અનુસરવા કરતાં તમારા શાસ્ત્રમાં કહેલા પરમ સત્ય તત્વોને જ અનુસરો, જમાનો વખતે સાચો હોય, અને વખતે ખોટો પણ હોય, તેથી શાસ્ત્રોક્ત સત્યની દીવાદાંડીને આદર્શ તરીકે સામે રાખી, તમારા સંજોગો પ્રમાણે સરળ માર્ગ કાઢી વર્તન રાખો. તમારા આદર્શને બાધ ન આવે તેવી રીતે જે જે બાબતોમાં જમાનાને અનુસરી શકાય તે તે બાબતોમાં તેને અનુસરો, પરંતુ જોજો, સત્યના માર્ગથી પતિત ન થવાય. સંભાળજો.

૫ તમારા સાદા વર્તનની અસર તમારી આજુબાજુ પડે તેવી રીતે વર્તો, તમારા આશ્રિતો કે સંબંધીઓ ઉપર દબાણ ન કરશો, પરંતુ પ્રેમ રાખજો. અને તમારા વર્તન ઉપર તેઓને પ્રેમ થાય, તમારી સાદાઇમાં તેઓને મહત્વ લાગે તેવા આકારમાં મૂકવા પ્રયત્ન કરજો. દરેક પ્રકારના સાચા પ્રયત્નનું પરિણામ આવે ત્યાં સુધી ધીરજ રાખજો. અધીરા થશો નહીં. વખતે વ્હેલું પરિણામ આવે, અને વખતે મોડું આવે, છતાં ધીરજ ન ખોતાં કાળ સહિષ્ણુ બનજો. તમારા સારા પ્રયત્નનું સારૂં પરિણામ આપવા કુદરત હમેશાં બરાબર તૈયાર હોય છે. એ ચોક્કસ માનજો. કેમકે, તે તેમ કરવા બંધાયેલ છે.

૬ હવે એક મહત્વની વાત કહું છું તે એ કે તમે જૈન ધર્મને માન આપનારા છો. મહાવીરને પરમ દેવ માનનારા છો, તેથી તમારા મનમાં જગત્‌ના કોઇ પણ પ્રાણી પ્રત્યે દ્વેષભાવ ન હોવો જોઇએ. તો પછી તમામ મનુષ્યો પ્રત્યે સાચો પ્રેમ કે વાત્સલ્ય ભાવ હોવો જોઇએ. અને હૃદયમાં એવું ઇચ્છવું કે કોઇ પણ માનવ બંધુ તરફથી મને જે કંઇ વિઘ્નો આવે તે પ્રસંગે તેના ઉપર દ્વેષ કે ક્રોધ ન કરવાનું બળ મારામાં જાગૃત થાઓ, મારી માનસિક સૃષ્ટિ ઉપર તેની ખરાબ અસર ન થાઓ. છતાં હું પ્રેમથી તેની ભૂલ તેને સમજાવી ઠેકાણે લાવું. આ ખ્યાલ હમેશાં મનમાં રહેવો જોઇએ. અને શકય પ્રમાણમાં તે આચારમાં ઉતારતા થઇ જવું જોઇએ. "જો મારી ફરજ સર્વ પ્રાણીઓ–સર્વ મનુષ્યો તરફ પ્રેમ રાખવાની છે, તો પછી મારા દેશ બંધુઓ, મારા શહેરના કોઇ પણ જ્ઞાતિના મનુષ્યો, મારી જ્ઞાતિ કે મારા કુટુંબના મનુષ્યો તરફ નવા કારણ સર શા માટે અપ્રેમ રાખવો જોઇએ ? તે દરેકનું હિત કરવાની દૃષ્ટિ તો મારે હોવી જ જોઈએ. મારાથી હિત ન બની શકે, એ વાત જુદી રહી; પરંતુ હિત કરવાની દૃષ્ટિ તો જરૂર હોવી જ જોઇએ. મારા ગામના હરકોઇ જ્ઞાતિના મનુષ્યો મારી જ્ઞાતિ કે મારૂં કુટુંબ એ દરેક તરફ ઉપેક્ષા રાખું તો ખરેખર હું મારા પગ ઉપરજ કુહાડો મારૂં છું. મારૂં જ સંઘબળ તોડું છું. " આ વિચાર જાગવો જ જોઇએ. કારણ કે ભાઇ ! તમારા વતનના હરકોઇ માણસો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારા સામાજીક જીવનમાં થોડે ઘણે અંશે જરૂર મદદગાર છે, અને તેવી રીતે તમે પણ તેઓને થોડા ઘણા મદદગાર છો. તમારા સમાન ધર્મિ બંધુઓ પણ તમારા, તમારી સંતતિના કે તમારા વડીલોના ધાર્મિક જીવનમાં અવશ્ય મદદગાર છે. એ પણ તેટલુંજ યાદ રાખજો.

યદ્યપિ તમારા શહેરના વતનીયો કે હરકોઇ સમુદાય કંઇક અજાણતાને લીધે કે વિચાર ભેદને લીધે તમારા વિચાર સાથે મળતા ન થાય, તેથી શું તમે તેની ઉપેક્ષા કરશો ? તેને પ્રેમથી કર્તવ્ય શક્તિથી સમજાવી શકશો; તેમાં પણ અડગ ધીરજની જરૂર પડશે. વચ્ચે વચ્ચે નાસીપાસ થવા જેવો ભાસ થશે, પરંતુ જો ધીરજ રાખશો તો તેમાં પણ ફળીભૂત થશોજ.

૭ તમે જ્યાં હો ત્યાંથી વતનમાં ચાલ્યા જશો. અને બહાર તમે ગમે તેટલી પેદાશ કરતા હો, તેના કરતાં વતનમાં થોડી આવક તમારા સાદા જીવનના ખર્ચ પુરતી મળી શકે તેમ હોય તો વતનમાં જ ધંધો ખોલીને રહેવું અને કદાચ એકદમ તેમ ન કરી શકો તેવું હોય તો પણ ધીમે ધીમે વતન તરફ વળજો. વતનને વિસરશો મા.

૮ આપણે ભાષણો કર્યા, સાંભળ્યા, લેખો લખ્યા, અને વાંચ્યા. છતાં આપણી કોમનો, ધર્મનો કંઇ જીવ જેવો ઉદ્ધાર કરી શકયા નહીં તેનું કારણ એકે આપણું પોકળ હતું. જો તમારે કંઇ પણ જીવ જેવું પરિણામ લાવવું હોય તો મુંગે મ્હોંએ તમારા સમાજના લાભના કોઇ પણ અંગની સેવા કરવા મંડી જાઓ. તેથી વાતોડીઆ મટીને કામ કરનારા થશો. કાર્યનું ગાંભીર્ય સમજશો. ગુણ દોષ મગજમાં સમજાશે, અને તેમ કરતાં થોડું કરશો, તો પણ તે સ્થાયી હોઇને ઘણું કિંમતી હશે. રચનાત્મક ક્રિયાત્મક કામ કરવાની તાલીમ મળશે. તાલીમ મળ્યા પછી બરાબર અનુભવી અને તૈયાર થયા પછી તમારા હાથમાં તમારી સમાજના એટલા બધા કામો આવી પડશે કે તમે કરતાં થાકી જશો. મહાન કર્તવ્યક્ષેત્રો અણખેડેલા તમારી દૃષ્ટિએ પડશે, ત્યારે આજ સુધી વખત ગુમાવ્યો તે દિલને દુઃખ આપશે.

" तत्प्राचीनो दुनोति दिनव्ययः "

(એળે ગુમાવેલા પૂર્વના દિવસોની યાદ હવે અત્યારે દુઃખ આપે છે.)

૯ તમારા શહેરની કે ગામની સેવા કરવા તૈયાર ન હો તો ઓછામાં ઓછું તમારા સંઘની કે જ્ઞાતિની, કોઇ પણ ચાલતા વહીવટના ગુંચવાડા ભરેલા સવાલોમાં માથું માર્યા વિના, હાલ તુરતને માટે તમારા જેવા સમાન વિચારના યુવકોનું સ્વયંસેવક મંડળ બનાવીને તટસ્થ ભાવે કરવા લાગી જાઓ. સેવા કરતાં તાલીમ પામશો. તમારા સંઘના કે જ્ઞાતિના સવાલોથી વાકેફ થવાનો સુઅવસર મળશે. તેની ઝીણવટ અને બારીકીઓ, જોખમદારીઓને ચાલુ પરિસ્થતિ વિગેરે સમજતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થશો. પરંતુ ઉતાવળા થઇને કદી વચ્ચે માથું મારશો નહીં. જ્યારે તમારી સેવા કસોટીએ ચડશે, તમારા કામોમાં ગાંભીર્ય આવશે, તમારી સેવા કરવાની દાઝ તમે સેવા કરીને પ્રત્યક્ષ કરશો, ત્યારે જરાપણ સંકોચાયા વિના કહું છું કે એ કામોનો બોજો તમારા ઉપર આવી પડશે, ત્યારે તમને જરા પણ મુશ્કેલી નહીં જણાય. અને જો તમારા સમુદાયમાં તમે લાયક હશો તો આગળ ઉપર પણ સેવા કરવાનું ક્ષેત્ર તમારા માટે કાયમ ખુલ્લું રહેશે; પરંતુ બંધુઓ, તમારી સેવાની કદર નથી થતી એવું તમને લાગે તો, તમે તમારૂં અંતર શોધજો. કે શું મારામાં માનની લાલસા છે? શું હું થોડું કરીને ઘણું બતાવું છું? શું મારા વિરોધીઓ પ્રત્યે પણ મને અપ્રેમ થયો છે? શું મારી સેવામાં કંઇ ઉણપ છે? આમ વિચારો કરી અંતર્શુદ્ધિ કરજો. અંતર્શુદ્ધિ થયા પછી જરૂર તમને તમારા પ્રયત્નનું પરિણામ ને કદર જણાશે. અથવા આજ સુધીની ઉપેક્ષાને પરિણામે, ને ઉપલક "હાહો" કરી કામ કરવાના ડોળને પરીણામે કચરો અને મેલ વધારે પ્રમાણમાં જામ્યો હશે, એવું ગણીને તેને સાફ કરવા માટે વધારે જાગૃત થજો. એટલે તમને તમારી કદર નથી થતી, એ વિગેરે અસંતોષ લાવવાનું કારણ નહીં રહે. કદાચ તત્કાળને માટે કે કેટલોક વખત સુધી તમારી કદર ન થાય તો પણ ધૈર્ય ન છોડજો, તમે કદર કરાવવા કામ કરતા હો તો મહેરબાની કરીને ન કરશો માત્ર કર્તવ્ય સમજીને કરશો. મને હાલ તુરતને માટે આ રસ્તો સર્વોત્તમ જણાય છે.

જ્યારે આ રીતે તમે કરતા થશો, ત્યારે તમારી અસર બીજા ઉપર પડશે. એમ વાતાવરણ શુદ્ધ બનતાં હાલ મોટરવાળા કે બંગલાવાલા મોભાદાર ને આબરૂદાર ગણાય છે. તેમાં પરિવર્તન થઇ જેઓ ઉપર પ્રમાણે જીવન ધરાવતા હશે તે મોભાદાર ગણાશે. પરંતુ પ્રથમ તો સંપૂર્ણ ધૈર્ય રાખીને સુગપલટો આપણી સમાજમાં કરવો પડશે, તેમ કરવાથી જરૂર તમે આગળ જ વધશો. જરા પણ પાછા હઠવાની શંકા રાખશો જ નહીં.

જેને જમાનાને જ અનુસરવું હોય તેને માટે મેં પ્રથમ લખી જ દીધું છે, તેમણે મહેરબાની કરીને ઉપરના દશ નિયમો વાંચવા જ નહીં; કારણકે તેના મતે તેથી લાભ થવાનો નથી. પરંતુ જેને મર્યાદિત જીવન ઇષ્ટ છે, ધર્મને સમાજ પ્રિય છે, તે ખાતર કંઇક કરવાની ઇચ્છા થતી હોય તેણે જરૂર ઉપરના નિયમો વાંચવા. તે પ્રમાણે વર્તવા બળપૂર્વક પ્રયત્ન કરવો. પ્રયત્ન વિના ઇચ્છા શા કામની? કદાચ તમે આજ કે કાલ એટલે હાલ તુરતમાં કંઇ પણ અમલ ન કરી શકો, તો પણ તમારા જીવનની દિશા નકકી કરી લેજો, અને જીવનની દિશા નકકી કર્યા પછી જેમ જેમ પ્રસંગ આવે તેમ તેમ ઢીલા ન રહેતાં પુરૂષાર્થ કરી, તે પ્રમાણે વર્તન કરજો; કારણકે તે પ્રમાણે વર્તન કર્યાથી ધર્મને યોગ્ય બનશો. અને ધર્મને યોગ્ય બન્યા પછી જે જે ધર્માચરણ કરશો. તે તે દ્વારા—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जैनं जयति शासनम्

હાલ તુરત માટે તો પોતપોતાની જીવન મર્યાદા નક્કી કરવામાં, પસંદ કરવામાં, પોતાની જોખમદારી સમજવામાં મારા વિચારો મદદગાર થાય, તેટલાથી આ લેખ લખ્યાની સાર્થકતા માની લઉં છું.

પ્રભુદાસ બેચરદાસ પારેખ.

# " મહાન્ મહાવીરની પ્રભુતા "

વિશ્વના મહાન પુરૂષોમાં જેણે વિશ્વમાં સનાતન ધર્મનો પાયો નાંખ્યો અને કંઇપણ ભેદ સિવાય વિશુદ્ધ હૃદયથી જગતને આત્મજ્ઞાનનો પાઠ શીખવ્યો; પોતે પરમાત્મ પદ પ્રાપ્ત કર્યું તે છતાં પોતે જગતનો તારનાર છે. મ્હને ભજશે તેને મોક્ષ મળશે, મને પૂજનારના ગુન્હાઓ, પાપો દૂર કરી તેમનો ઉદ્ધાર કરીશ એવું નહીં કહેનાર એકજ " પ્રભુ મહાવીર જ " છે. પ્રભુ મહાવીરે આત્માની અનંત શક્તિ, આત્માઓનું સમપણું, આત્મા પોતાની શક્તિથીજ સ્વાવલંબનથીજ પરમાત્મપદને પ્રાપ્ત કરે છે. તેમાં કોઇની મદદની જરૂર નથી. મદદગારોમાં શક્તિ હોતી નથી, પણ આત્માની અંદર રહેલી અનંત વીર્ય શક્તિ જ્ઞાન, દર્શન અને ચારિત્રથી પ્રાપ્ત થાય છે. તેને સત્કર્મોથી ખીલાવવાની જરૂર છે. તેનો જ દુરૂપયોગ કરવાથી આત્માની અધોગતિ થાય છે. તેમાં કોઇનો ભિન્ન ભેદ ઉચ્ચ-નીચનો ભેદ નથી. સંસારમાં પુર્વકર્માનુસાર ઉચ્ચ-નીચ, બળવાન, બળહીણ, ધનવાન, ધનહીણ, બુદ્ધિવાન, બુદ્ધિહીણ, તેમજ સુખી દુ:ખી જણાય છે. પણ કરેલા કર્મ ભોગવવા માટે તો દરેક પોતેજ જવાબદાર છે. કર્મ જડ છે. માટે કર્માનુસાર અવસ્થાઓ પ્રાપ્ત થાય છે. એમ કહેલ છે.

ગરીબી અને લાચારીમાં રહેવાની ઇચ્છા ના હોય તો પોતાની સ્થિતિ હોય તેમાંજ શાન્તિ અને ધૈર્યથી મગ્ન રહેવું. કારણકે સુખ યા દુ:ખ અનુકૂળ પ્રતીકૂળ સંજોગોથી મનાયેલા કાલ્પનિક વિચારો છે. જે બનાવો બને છે તે વાસ્તવિક આપણા કર્મને અનુસરીને બને છે. અને તેથીજ ઉપસર્ગોને શાન્તિ પૂર્વક સહન કર્યા છે. થવાનું તે તો કર્માનુસાર થવાનું જ છે તો પછી પ્રતિકૂળ સંજોગોમાં સત્કર્મો કરી સુધરવાને બદલે દુ:ખ માની હાય કરવી એ અજ્ઞાનતા દુ:ખને વધુ જોરાવર બનાવે છે. પ્રતિકૂળ સમયને ધૈર્યથી પસાર કરવો એ શુદ્ધ સંયમ છે. આત્માની ઉચ્ચ કસોટી છે. એ બતાવ્યું છે. પોતાના ઉત્કૃષ્ટ અદ્દભુત ચારિત્ર વડે પરમાત્મપદનું પ્રભુત્વ પ્રભુ મહાવીરે મેળવ્યું છે. તેથીજ તેમણે કહ્યું છે કે વીરાત્માઓ પોતાની શક્તિથી ગમે તે સ્થિતિમાંથી પણ ઉચ્ચ ચારિત્ર વડે પરમાત્મપદ મેળવી શકે છે. પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માના સુખ માટે કર્તવ્યનો વીચાર કરી કર્તવ્ય પરાયણ થવું. વિશાળ આત્મ દૃષ્ટિ, હૃદયની સાત્વિકતા, સત્યતા, અને નિર્ભયતાથી આત્મા ઉચ્ચ પદને પ્રાપ્ત કરે છે. એ જીવ માત્રનો આત્મધર્મ છે. અને જગતનો સનાતન ધર્મ છે. એમાં દયા, પરોપકારપણું, નિસ્વાર્થપણું, ત્યાગ આવી જાય છે. મહાન પુરૂષોના પ્રભુત્વ પૂર્ણ ચારિત્રને પાર પામવું કઠણ છે તો પણ અલ્પ મતિઅનુસાર જે વિચાર્યું તે સુજ્ઞ બંધુઓ સન્મુખ રજુ કર્યું છે. અને ઇચ્છીએ છીએ કે અમને અમર સુખનો લ્હાવો લેવા પરમાત્મ પદ પ્રાપ્ત કરવાનું બળ સત્વર ઉદય આવો. ઇતિ શુભમ્.

રા. કલ્યાણ-વડોદરા.

# સાધનો અને આદર્શ.

આપણી આર્યભાવનાનું લક્ષ્ય કેવળ આ લોક કે આ જીવનને ઉદ્દેશીને રચાયું નથી; આપણું જીવન પરમાર્થના પાયા ઉપર ચણાયલું છે; તેથી માત્ર આ જીવનના ક્ષણિક અને શરૂઆતમાં રમણીય લાગતા સુખને આર્યભાવના અકિંચિત્કર માને છે. ભૂત ભવિષ્ય અને વર્તમાનમાં આત્મા એ અવિનાશી અને શાશ્વત તત્વ છે; તેથી કોઇ પણ પ્રબુદ્ધ આત્મા ભાવિમાં પ્રાપ્ત થતા શ્રેય કરતાં વર્તમાન સુખ ઉપર વધારે ભાર મુકતો નથી; કેમકે આત્માના અનાદિ કાળના જીવનના મુકાબલે વર્તમાન જીવન એ સહરાના રણને મુકાબલે રેતીના એક કણની માફક કંઇજ ગણત્રીમાં નથી; તેમાં પણ જ્યારે આ ક્ષણસ્થાયી વર્તમાન જીવન ભાવિની શુભાશુભતાના નિર્ણયવાળું હોય ત્યારે તે વર્તમાનને ભાવિના શુભ માટે છેક જ જતું કરવામાં મનુષ્યો સંકોચ પામતા નથી.

પરંતુ જૈન દર્શનના તત્વજ્ઞાન અનુસાર આ એકજ દૃષ્ટિબિંદુનો વિચાર સુઘટિત નથી. ભાવિના શુભના વિચારની સાથે એ વિચાર મેળવવાની જરૂર છે કે જે જીવન રેતીના કણની માફક અલ્પસ્થાયી-ઝીણામાં ઝીણું છે, તે જીવનને જો વર્તમાન કાળને ઉપયોગી કરી નાંખવામાં આવે તોજ તે ભાવિ કલ્યાણમાં મદદ રૂપ થઇ પડે. આપણો શુદ્ધ વ્યવહાર, આપણા આચારો, આપણું સદ્વર્તન, વિનય, વિવેક, મૃદુતા, નિરભિમાનતા વિગેરેને તિલાંજલિ આપી માત્ર ભાવિના શુભ માટે આપણે પ્રભુ પૂજન, સામાયિક, પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કર્યે જઇએ તો જે હેતુ માટે પ્રસ્તુત સુંદર ક્રિયાઓ કરીએ છીએ, તે હેતુ વર્તમાન કાળના આપણા વર્તનથી વિમુખ હોવાથી ભાવિમાં કલ્યાણ સાધવાને બદલે માત્ર કરોડની કિંમત કોડીમાં ખરચી નાંખીએ છીએ. સામાયિકાદિ ક્રિયાઓ તેનું ફળ ભાવિમાં આપે છે. ખરા પણ અગાધ જળમાં લીસોટાથી વધારે રહેતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્તમાન શુભ પળને જલ્દી સાર્થક કરવામાં દરેક મનુષ્યે તત્પર રહેવાની આવશ્યકતા છે. વર્તમાન સ્થિતિનું જીવન, વ્યાપારની ધમાલ, અર્થ ઉપાર્જન પાછળ લસણલોટ થવામાં અથવા ટાયલાઓમાં સમાપ્ત કરી નાંખવામાં આવે તો ભવિષ્ય ક્યાંથી સુંદર હોઇ શકે ? ક્યાં સુંદર બીજો આત્મા લઇને અન્ય જન્મમાં પ્રયાણ કરી શકે ? મહાસાગરના અસંખ્ય મોજાંઓમાં એક મોજું જરા સપાટી ઉપર-કીનારા ઉપર આવ્યું ન આવ્યું કે તરતજ અગાધ જળમાં લીન થઇ જવાનું.

એટલા માટે સર્વ પ્રકારના વિશુદ્ધ વ્યવહારોને પરમાર્થના સાધન તરીકે લેખવા સતત ઉપદેશ શાસ્ત્રમાં આપાયલો છે. સ્ત્રી, પુત્ર, દ્રવ્ય, ગૃહ વિગેરે સાધનો આત્માના શાશ્વત કલ્યાણ માટે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ઉપયોગી ન હોય તો તેઓ આત્માના મિત્ર નહિ, પરંતુ શત્રુઓ છે, જ્યારે જ્યારે શાસ્ત્રમાં ઉપરોકત સાધનોની નિંદા કરવામાં આવી છે, ત્યારે ત્યારે એ હેતુ સમજવાનો હોય છે કે સાધનો પ્રતિ તેમનો તિરસ્કાર નહોતો, પરંતુ મનુષ્યની રાગી દૃષ્ટિ તે ઉત્તમ સાધનોને કેવી રીતે બંધનના કારણોમાં ઉલટાવી નાંખે છે, તેને ઉદ્દેશી નેજ તેમનો ઉપદેશ હોય છે. કેમકે નિર્બળ આત્માઓ સમાજમાં મોટી સંખ્યામાં હોય છે અને વારંવાર એ સાધનોને પોતાનાજ માની લઇ રાગમાં વિશેષ બંધાતાં મુશ્કેલીથી છુટી શકાય એવી જાળમાં પોતાને બાંધી લે છે અને અધ:પાત પામે છે. તત્વત: સાધનો જડ હોવાથી તેમનામાં બુરાઇ હોતી નથી. ગમે તેવાં શુભ સાધનોને મનુષ્યની લાલસાઓ જીવનનો અધ:પાત કરવામાં ઉપયોગી બને છે. તેથી ઉલટું મનુષ્યોની વિવેકી દૃષ્ટિ જે નિમિત્તોને આશ્રવરૂપ સામાન્ય મનુષ્યો જાણે છે તેજ નિમિત્તોને સંવરની કોટિમાં ગણી પોતાના આત્માને અનુગ્રહ ઉપયોગી બનાવે છે.

મનુષ્ય પોતાના અંત:કરણમાં જેવી ભાવનાઓને ઉત્પન્ન કરે છે તેવો તેનો બાહ્ય આચાર બંધાય છે. તેની પ્રત્યેક પ્રવૃત્તિ એ આંતરભાવનાનો બાહ્ય પરિપાક માત્ર છે. સર્વવિરતિપણું ગ્રહણ કરવું અથવા ગૃહાવાસમાં સુશીલ જીવન વ્યતીત કરવું, તુચ્છ વ્યવહાર પરંપરામાં આયુષ્યનો વ્યય કરવો અથવા પોતાનો પિંડ સાચવી બેસી રહેવું-એ સર્વનું કારણ તેના હૃદયમાં મુખ્ય સ્થાન ભોગવતી કોઇ ભાવના સિવાય અન્ય હોતું નથી.

પરંતુ જ્યારે ચાર પુરૂષાર્થોમાંના એકાદની ભાવનાનો નિર્ણય ન થયો હોય ત્યાંસુધી આચારનું સ્વરૂપ બંધાતું નથી. આપણી જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણાદિ મોક્ષ પુરૂષાર્થને માટે હોય છે. જેમના હૃદયમાં દ્રવ્ય સમૃદ્ધિ એકઠી કરવાનો અને કુટુંબમાં, સમાજમાં કે દેશમાં કીર્તિ મેળવવાનો આવેશ પ્રકટે છે અને બીજીજ ક્ષણે આ સંસારમાં કાંઇ નથી, કોઇ કોઇનું નથી, સહુ ક્ષણિક છે, તમામ મુકીને ચાલ્યા જવાનું છે વિગેરે વૈરાગ્ય ભાવનાનો વેગ સ્ફુરે છે તેવા મનુષ્યો પુરૂષાર્થ સાધી શકતા નથી. તેથીજ પુરૂષાર્થની પ્રાપ્તિ શીખવનાર નીતિ શાસ્ત્રકાર કહે છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**अजरामरवत्प्राज्ञो विद्यामर्थं च चिंतयेत् ।**
**गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ॥**

અર્થાત્—"વિદ્યા અને અર્થોપાર્જન અજર અમર છીએ તેમ ધારીને કરવું. અને મૃત્યુએ હમેશને માટે ચોટલી પકડેલી છે એમ ધારીને ધર્મ પુરૂષાર્થ મેળવવો."

વસ્તુસ્થિતિ આમ હોઈ ધર્મપૂર્વક અર્થ અને કામ પુરૂષાર્થ મેળવવામાં આવે તોજ સાર્થક થાય છે. ત્રણે પુરૂષાર્થની પરસ્પર સંકળના છે; પરંતુ સિંદૂર પ્રકરણકાર કહે છે તેમ—

**तत्रापि धर्मं प्रवरं वदंति, न तं विना यद् भवतोऽर्थ कामौ ।**

અર્થાત્—જો અર્થનું ઉપાર્જન ધર્મપૂર્વક ન થતું હોય. અને કામવાસનાની તૃપ્તિ અધર્મ્યપણે થતી હોય તો તે પાશવ જીવન છે એટલુંજ નહિ પણ પુરૂષાર્થ-હીન જીવન હોવાથી અધોગતિમાં નીચી કોટીનું જીવન પ્રાપ્ત કરવું પડે છે.

ત્યારે હવે મનુષ્યજન્મ, આર્યકુળ, પંચેંદ્રિય પટુતા, સદ્‌ગુરૂ–શાસ્ત્રયોગ વિગેરે સુંદર સાધનો પામી ધર્મપુરૂષાર્થ કેમ સધાય અથવા અર્થ અને કામ પુરૂ-ષાર્થ ધર્મપૂર્વક કેમ સધાય તે વિચારી લઇ તદનુકૂળ વર્તન રાખવાની ખાસ આવ-શ્યકતા છે. વર્તમાન કાળમાં આપણું લક્ષ્ય–આપણો આદર્શ 'ધર્મ' હોવો જોઈએ. ધર્મપુરૂષાર્થની સાચી પ્રાપ્તિ પછી 'મોક્ષ' આદર્શ થવો જોઇએ. શાસ્ત્રકારે સાધનો યોગનાં સ્થાનકો અસંખ્ય કહેલાં છે. જિનપૂજા, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, જ્ઞાનપ્રાપ્તિ વિગેરે મુખ્ય છે. પરંતુ આ સાધનોમાં મુક્તિનો આરોપ કરી તેની સિદ્ધિને સર્વસ્વ માની લેવાની નથી; પ્રસ્તુત નિર્મળ સાધનો દ્વારા આપણો આત્મા સામાયિકદ્વારા સમભાવમાં ક્રોધાદિ અંતરંગ શત્રુઓને જીતવામાં કેટલો આગળ વધતો જાય છે? પ્રતિક્રમણદ્વારા પાપથી કેટલો પાછો હઠેલો છે? પૌષધદ્વારા આત્મધર્મ કેટલો પુષ્ટ થતો જાય છે? જિનપૂજાદ્વારા ભક્તિયોગમાં કેટલો રસબોળ થાય છે? તેમજ જ્ઞાનાભ્યાસથી તર્કજાળમાં પડવામાંજ કે જિનવચનો મુખપાઠ કરવામાંજ મહત્વતા માને છે કે જિનાજ્ઞાનું પાલન કરી વર્તનમાં મુકતો જાય છે? આ તમામ સાધનો દ્વારા પ્રથમ નજીકના આ સાધ્ય-ફળને તપાસી લેવાની દરરોજ જરૂર છે.

ક્ષણિક જુદા જુદા વિચારવાળા મનુષ્યો પુરૂષાર્થ સિદ્ધ કરી શકતા નથી. જેમ અર્થ ઉપાર્જન અને ભોગોની મુક્તિમાં એકતાનતા હોય છે તોજ તે તે પુરૂષાર્થની ઇષ્ટ સિદ્ધિ થાય છે, તેમ ધાર્મિક વિચારો પણ અસ્તવ્યસ્ત હોય તો આત્મસ્થિરતા પ્રાપ્ત થઇ શકતી નથી. પોતાના વર્તમાન જીવનનો ઉદ્દેશ જ્યાંસુધી નક્કી થતો નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાંસુધી મનુષ્યની ગતિ પવનમાં ફરતા તણુખલા જેવી છે. આ મનુષ્યજન્મરૂપી નાવને સ્થિર દૃષ્ટિબિંદુએ પહોંચાડવા માટે ઉદ્દેશ નક્કી કરવાની મુખ્ય જરૂર છે. દરરોજ એ ઉદ્દેશ સિદ્ધ કરવાનાં સાધનો ઉપયોગમાં લેવાની જરૂર છે, પણ તે માત્ર ફોનોગ્રાફની રેકર્ડરૂપે નહિ, પણ પોતાના આત્માની વિશેષ પ્રમાણમાં તૈયારીપૂર્વક થવું જોઇએ. કુટેવોના પૂર્વજન્મ અને આ જન્મના સંસ્કારોને છોડી નવા શુભ સંસ્કારો દાખલ કરવા જોઇએ. કર્તવ્યની દિશા નક્કી કરવી અને તે દિશામાં ગતિ કરતા બીજા વિકારોની છાપ મન ઉપર ન પડવા દેવી અને અવિશ્રાંતપણે આગળ વધવું એ ઉદ્દેશ–આદર્શસિદ્ધિની મુખ્ય સરતો છે.

પ્રસ્તુત સાધનોની તપાસ બરાબર રાખીને જો તે સાધનો સ્વીકારવામાં આવે, પછી ભલે તે યથાશક્તિ ઓછા પ્રમાણમાં અથવા ઓછા સમય સુધી સ્વીકારાય; પરંતુ આત્માના અવાજ સાથે–તેની પ્રગતિ સાથે હમેશાં મેળવી લેવામાં આવે તેમ તેમ આત્મા ધર્મપુરૂષાર્થને સુઘટિત સ્વરૂપમાં પ્રાપ્ત કરી તમામ પાશવ બંધનોથી છુટતો જણાશે અને એક શુભ પળ અન્ય જન્મમાં આવી પહોંચશે કે ઘણાજ ઉત્તમ સંસ્કારો સાથે જન્મ લઇ 'ચારિત્ર એજ આત્મા' રૂપે ઓતપ્રોત થઇ સર્વદેશીય મુક્તિ–જે શારીરિક બંધનોથી અને તમામ માનસિક કલેશોની જાળમાંથી મુક્ત છે તે સ્વયમેવ પ્રાપ્ત થશે.

ફતેહચંદ ઝવેરભાઇ.

## ॥ गुरु स्तुति. ॥

अस्मिन् कर्मयुगे भवाब्धितरणे, यो यानपात्रं मतः
कर्माद्रावशनिः सुधर्मतरणि, भव्यस्य चिन्तामणिः ।
अज्ञानान्धभवाटवीप्रतिपदे, यो ज्ञानदीपो मतः
सद्भावार्णवचन्द्रकान्तिवीजयः सर्वत्र नित्यं जियात् ॥ १ ॥

By. P.B. N.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મોહરાજ–પરાજય,

## નાટકનો પરિચય.

( ગતાંક પૃષ્ટ–૧૪૫ થી )

**નાટકનું પૃથક્કરણ.**

ૠષભદેવ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી એ ત્રણ તીર્થંકરોની સ્તુતિ કરવા સાથે નાટકનો પ્રારંભ થાય છે. તે પછી સૂત્રધાર અને નટી વચ્ચે પરસ્પર નાટકને ભજવવા અને નાટ્યકાર સંબંધી વાતચીત થાય છે. તે પછી કુમારપાળ અને વિદૂષક પ્રવેશ કરે છે. કુમારપાલ શ્રી હેમચંદ્રના ઉપકાર સાથે તેમને યાદ કરે છે કે—

**श्री हेमचन्द्रप्रभुपादपद्मं वन्दे भवाब्धेस्तरणैकपोतम् ।**
**ललाटपट्टान्नरकान्तराज्याक्षरावली येन मम व्यलोपि ॥**

" જેણે મારા લલાટમાં લખાયેલ નરકાન્ત રાજ્યરૂપ અક્ષરાવલીને ભૂંસાવી તથા જે ભવાબ્ધિ તરવામાં નાવ સમાન છે એવા શ્રી હેમચંદ્રપ્રભુના પાદપદ્મને હું વંદન કરૂં છું " આ ગુરૂ–સ્તુતિ સાંભળતાંજ વિદૂષક વિચારે છે કે:—આ રાજા ધર્મગ્રહવડે ગ્રસિત થયેલ છે, તેથી તે ગુરૂ ગુરૂ એમ બકયા કરે છે માટે તેને અન્ય માર્ગે દોરવો જોઇએ. આમ વિચારી રાજાને કહે છે કે " હે રાજન્ ! જો જો મન્મથ મહારાજનો પ્રિય મિત્ર વસન્ત પધારેલ છે. " આમ કહ્યા છતાં પણ રાજા કાંઇ સાંભળતો ન હોય, તેમ ગુરૂ–ભક્તિમાં લીન થયેલ નિહાળી વિદૂષક રૂષ્ટ થઇ તેને જૈન ધર્મમાં આટલો બધો આસક્ત રહેવા માટે સખ્ત ઉપાલંભ આપે છે. જ્યારે કુમારપાળ જણાવે છે કે " હે મૂર્ખ ! તું પ્રશમરસનો આસ્વાદ શું જાણી શકે ? " ત્યાર બાદ કેટલાક શ્લોકો બોલી તેને નિરૂત્તર કરે છે. તેમાંનો એક શ્લોક નમુના ખાતર આપું છું જેથી વાંચકને ખાત્રી થશે કે કુમારપાળ કેટલો ધર્માસક્ત હતો—

**किं राज्येन गुरोरुपास्तिरनिशं चेल्लभ्यते निर्भरा**
**किं शुद्धान्तपुरन्ध्रिभिर्धृतिवधूसङ्गो यदि प्राप्यते ।**
**किं सङ्गीतरसेन चेज्जिनवचःपीयूषमापीयते**
**मोहाद्ब्रूहि यथा तथा मम पुनर्लीनं मनो ब्रह्मणि ॥**

જો પ્રતિદિન ગુરૂની નિતાન્ત ઉપાસના મેળવી શકું તો રાજ્યથી શું ? જો ધૃતિવધૂનો સંગ પ્રાપ્ત થઇ શકે, તો અંતઃપુરની કુટુમ્બીનીઓથી શું ? જો જિનવાણીરૂપ અમૃતનું આસ્વાદન થઇ શકે તેના આગળ સંગીતરસથી શું ? ખરેખર તું મોહથી જ યદ્વાતદ્વા બકયા કરે છે. મારૂં મન તો આત્મસ્વરૂપમાં જ લીન છે. આ પ્રમાણે બન્ને પરસ્પર સંવાદ કરે છે, તેવામાં કુમારપાળે પહેલાં મુનિવેશમાં પોતા·

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રણિધિ ( જાસુસ ) જ્ઞાનદર્પણને પોતાના શત્રુ મોહરાજાની પ્રવૃત્તિ નિહાળવા મોકલેલ તે ત્યાં પધારે છે. કુમારપાળ ત્હેને પોતાની પ્રવૃત્તિનું ઇતિવૃત્ત કહેવાનું ફરમાવે છે. જ્યારે જ્ઞાનદર્પણ કહે છે કે " હું અહીંથી નિકળી ગયો મોહરાજાની શિબિરમાં, ત્યાં ઘણા સમયે પણ પ્રવેશ ન પામી શકયો, કારણ કે ત્યાં મોહનરેન્દ્રે નિયુક્ત કરેલ "પ્રમાદ" નામનો નિપુણ રક્ષક, રાત્રિદિન બહુ ચોકસાઇથી રક્ષા કરતો હતો. પરંતુ મુનિવેશ ધારણ કરી પ્રવેશ કરવા પામ્યો. ત્યાં પાખંડ મંડળ દ્વારા સત્કાર પામ્યો. તે પછી જ્ઞાનદર્પણ કુમારપાળ ને મોહરાજાના મહિમાનું વર્ણન કરે છે. તે વીરશિરોમણિના આગર અમરો તો કિંકર સદૃશ, દાનવો દાસ સદૃશ અને તપોધનો દીનજન સદૃશ પ્રવૃત્તિ કરે છે. " આગળ બોલતાં કહે છે કે હું ત્યાં લાંબા સમય સુધી સ્થિત રહ્યા છતાં પણ તેની ગુપ્ત અંગત હકીકત કંઇ મેળવી શકયો નહીં, તે દરમ્યાન એક દિવસ ભયંકર ભેરીરવનો પ્રાદુર્ભાવ થતાં, સકળ સૈનિકજન એકત્ર થયા, તેઓને સાથે લઇ મોહમહીપાળે કોઇના ઉપર આક્રમણ કરવા માટે નિર્ગમન કર્યું. હું કુતૂહલેચ્છાથી તેઓની સાથે ચાલ્યો. ત્યાં તો મોહરાજાએ ' વિવેકચંદ્ર ' નામના નૃપતિની ' જનમનોવૃત્તિ ' નામની રાજધાનીને ઘેરી લીધી. આ અણધાર્યા પરચક્રના ભયથી સકળ પૌરલોક પર્યાકુળ થયા. તે રાજધાનીને સદાચાર નામનો દુર્ગ હતો. અંદર અને બહાર રહેલ સૈન્યથી દરરોજ ભયંકર લડાઇ પ્રવર્ત્તવા લાગી. તે નગરીથી વહેતી ધર્મચિન્તા નામની મોટી નદી હતી, તેને વૈરી-વર્ગે આવીને રોકી લીધી. આ અવરોધથી પુરી બળવાન છતાં પણ બહુ જ પર્યાકુળ બની, પરંતુ બહુશ્રુત વૃદ્ધ પુરૂષોદ્વારા પ્રયત્નથી પરિપાલન કરાયેલ સદાગમ નામના ગુપ્ત કુવાઓ ઉઘાડાયા. અને તે યોગ-જળથી પ્રજા પુનર્જીવન પામી, પરંતુ ત્યાં મનોજનમન રાજધાનીમાં નિવાસ કરતા કામદેવાદિ જનોએ પોતાના સમાન શીળવાળા મોહરાજાને આ સમાચાર પહોંચાડ્યા. આથી મોહરિપુએ તે કુવાઓને રજસ્સૂથી આચ્છાદિત કર્યા. અવિનયાદિ ઘડાઓ બાંધી દીધા, પ્રબોધાદિ પ્રણિધિઓનો સંચાર અટકાવી દીધો, પ્રાકાર-દુર્ગમાં ઝીણાં ઝીણાં છિદ્રો પાડ્યાં. તેથી અંદર યમ, નિયમરૂપ અન્ન અને લાકડાં કમી થવા લાગ્યાં. આ પ્રસંગથી વિવેકનૃપતિએ પોતાના વિમર્શાદિ અમાત્યો સાથે પરામર્શ કરી નિર્ણય કર્યા બાદ, કાળ નામના દૂતદ્વારા મોહરાજાને ધર્મદ્વાર આપવાને વિજ્ઞપ્તિ કરી. મોહરાજાએ તે વિજ્ઞપ્તિ મંજુર કરી. અતએવ વિવેકચંદ્ર નૃપતિ પોતાની એક શાંતિ નામા દેવી અને પ્રાણવલ્લભ કૃપાસુંદરી નામની કન્યા સાથે તે નગરથી બહાર નિકળી ગયો. મોહરાજા પણ નગર પ્રવેશ કરી તેની રાજધાનીને હસ્તગત કરી. વિવેક નૃપતિને શોધી કાઢવા માટે બહુ ગવેષણા કર્યા છતાં, તેની કંઇ પણ પ્રવૃત્તિ જાણી ન શકાઇ.

ઉક્ત સંવાદના શ્રવણ પ્રસંગે કૃપાસુંદરીનું નામ સાંભળતાં કોઇ અવ્યક્ત આનંદસાગરમાં કુમારપાળ ડુબતો હોય તેમ તે પોતે અનુભવવા લાગ્યો. આ સ્થિતિમાં સ્વગત વિચારે છે, કે " ન જાણે શાથી વિવેકનૃપતિના કુલરૂપી નભસ્તળમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શશિકળા સદશ કૃપાસુંદરીનો ઉદય સુણી મારો ચિત્તરૂપી ચંદ્રકાન્ત જાણે દ્રવતો હોયની !" ત્યારબાદ કુમારપાળ જ્ઞાનદર્પણને આગળ વાર્ત્તા શરૂ કરવાનું કહે છે. જ્ઞાનદર્પણ કહે છે કે–ત્યાં મ્હેં એક નૂતન કૌતુક જોયું. એક વૃદ્ધા, એક યુવાન્ વનિતા અને એક યુવાન માનવ એ ત્રણે સાથે મારી પાસે આવી મ્હને પ્રણામ કર્યા. મ્હેં તેને આશિષ આપી પૂછયું "હે ભદ્રે! તું કોણ છે?" તેણે કહ્યું "ભગવન્! હું સચ્ચરિત્ર નરેન્દ્ર અને તેની રાજ્ઞી નીતિદેવીની કુક્ષિથી ઉત્પન્ન થયેલ કીર્ત્તિમંજરી નામની નન્દિની છું અને શ્રીમાન્ કુમારપાળ ચક્રવર્ત્તિની પ્રણયિની છું" મેં કહ્યું "હે કલ્યાણી ! આ કુમારપાળ તે કોણ ?" તેણે કહ્યું "અહો આશ્ચર્ય છે કે આવા વૈરીકુલકાળહેતુ ક્ષત્રપ્રધાન રાજાને આપ ઓળખતા નથી ? ચૌલુકયવંશધ્વજ સમાન ગૂર્જરપતિ કોનાથી વિદિત નહીં હોય." મેં કહ્યું આર્યે ! બરાબર હું તેને ઓળખું છું. હવે આપની કથની આગળ કહો. કીર્ત્તિમંજરીએ કહ્યું "ભગવન્ ! આ ગુણાવલી નામની મારી વૃદ્ધ ધાત્રી છે. તેના જ અંકે પરિપાલન પામી હું વૃદ્ધિ પામી છું. અને આ પ્રતાપ નામનો મારો ભાઇ છે."

અન્યદા નિષ્કૃપ નૃપદ્વારા નિરૂપિત 'ત્યાગ' નામના રાજપુરૂષે મને તથા આ ગુણાવલીને સમુદ્રતટ નિકટવર્ત્તિ જંગલમાં મૂકી ચાલ્યો ગયો. પ્રિયપતિથી અપમાન પામી દુ:ખિત થઇ મેં મહાર્ણવમાં ઝંપાપાત કર્યો, રસાતળ ગઇ, સર્પમુખે જઇ પડી; છતાં વિનાશ ન પામી. ખરેખર સત્ય છે કે પાપકર્મીને મરણ પણ દુષ્પ્રાપ હોય છે. ત્રિભુવનમાં ભટકી આખરે તપોવનમાં સ્થિત બની. અન્ય સમયે રાજા પાસેથી પ્રતાપ નામનો મારો ભાઇ મને આવીને મળ્યો અને તેણે કહ્યું કે "પ્રિય ભગિની ! અધુના તારો પતિ જૈન મુનિનો પ્રિયપાત્ર બન્યો છે," જૈન મુનિએ તારા પતિને કહ્યું કે "તારા કલ્યાણને માટે તું પોતાની સ્ત્રી કીર્તિને દૂર કર તથા તેના આ પ્રતાપ નામના ભાઇને દેશનિકાલ કર." આ સાંભળી કીર્ત્તિમંજરી રૂષ્ટ થઇ. અને રાજાનો મદ દલન કરવાને મોહનૃપતિને જઇ મળી. વચન પ્રપંચદ્વારા મોહનૃપતિને આકર્ષી કુમારપાલ દ્વારા ઉશ્કેર્યો અને મોહનરેન્દ્રે સર્વ સમક્ષ અપ્રતિમ પ્રતિજ્ઞા કરી કે "સમરાંગણમાં કાં તો હું નહીં હોઉં, કાં તો તે ક્ષુદ્ર ક્ષત્રિય નહીં હોય." આ પછી કીર્ત્તિમંજરીએ જ્ઞાનદર્પણને પૂછયું કે "હે મુનીશ્વર! આમાં જય–પરાજય કોનો થશે" જ્ઞાનદર્પણે કહ્યું "ભદ્રે ! મોહપરાજયે પ્રથમ જ પોતાના પરાજય સૂચક શબ્દો વાપરેલ જ છે." આ સાંભળી કીર્ત્તિમંજરી ખિન્ન થઇ "ધિક્કષ્ટમ્ જો એમ જ થશે તો વિશ્વત્રયમાં મારૂં સ્થાન નહીં રહે" આ પ્રમાણે બોલી તે ચાલી ગઇ. હું પણ ત્યાંથી આપના પાદપદ્મની નિકટ ઉપસ્થિત થયો. આ સાંભળી કુમારપાળ પણ મોહરાજાને પરાજય કરવાનો વિચાર જાહેર કરે છે, તેવામાં વૈતાલિક કહે છે કે–અધુના બપોરનો સૂર્ય વીતરાગ પૂજન કરવાનો સમય દર્શાવે છે.

આ સાંભળી કુમારપાળાદિ સર્વે ચાલ્યા જાય છે. (ક્રમશ:)

**છોટાલાલ મગનલાલ શાહ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકીર્ણ વિચારો.

હર્ષ અને શોક એ ઉભય ચિત્તના વિકારો છે; જેમ સુગંધી અને દુર્ગંધી પરમાણુઓ પાર્થિવ વિકારો છે તેમ; હર્ષ પામનાર મનુષ્ય ખુસી થાય છે અને તે સમીપના બીજા મનુષ્યમાં જો અસૂયા હોય છે તો તેને પ્રતિહર્ષ નહિ થતાં શોક પ્રગટે છે. હર્ષ કરનાર મનુષ્યની સાથે મેળખાનાર સમીપનો મનુષ્ય તેના હર્ષમાં ભાગ લે છે તેજ પ્રમાણે શોકાતુર મનુષ્યનો વિરોધી મનુષ્ય હર્ષિત થાય છે અને તેનો સહયોગી મનુષ્ય તેનો શોક જોઈ પોતે શોકાતુર થાય છે; હર્ષ શોકની ચતુર્ભંગી આ રીતે વ્યાપક બને છે, પરંતુ હર્ષ અને શોકના વિકારોને જીતનાર મનુષ્ય એ બન્ને પ્રસંગોથી પર હોવાથી તેને આસપાસના મનુષ્યના હર્ષ શોકના વિચારો આત્મબળ વધારવા રૂપે કામ કરે છે.

* * * * *

સ્યાદ્વાદ એટલે દુધ અને દહીંમાં પગ રાખવો એવો અર્થ ધર્મનું રહસ્ય નહિ જાણનાર તેમજ ધર્મી કહેવાતા મનુષ્યોનું વર્તન દંભયુક્ત જોઈને કરે છે; પરંતુ વાસ્તવિક તેમ નથી. સ્યાદ્વાદ=વસ્તુને અવલોકન કરવાની એકજ બાજી હોય એમ કોઇ પ્રતિપાદન કરતું હોય તો બીજી બાજુ પણ તપાસવાની રહે છે. એ ધ્વનિસૂચક શબ્દ છે. જેમ દિવસનું પ્રતિપાદન કરનાર મનુષ્ય રાત્રિના સમયનો અપલાપ કરી શકતો નથી તેમજ વસ્તુને એકજ દૃષ્ટિબિંદુથી અવલોકવામાં હમેશાં ખામી રહેતી હોવાથી બીજી દૃષ્ટિબિંદુથી અવલોકવાથી શુભ અને અશુભ બન્ને બાજીઓ જણાય છે અને બન્ને દૃષ્ટિબિંદુઓથી ( turning points of view ) સત્ય વસ્તુ સ્વરૂપ સમજાય છે.

* * * * *

ઉપાધિ મોહજાળ ( net of attraction ) વધારે હોય છે તેમ ત્યાગ વધારે કઠિન બને છે. ભારે આત્મબળવાળા મનુષ્યોનું દૃષ્ટાંત આમાં લઈ ન શકાય. કેમકે ચક્રવર્તીઓએ ષટ્ખંડની ઋદ્ધિને ત્યાગવામાં વાર લગાડી નથી પરંતુ સામાન્ય કોટિના મનુષ્યોએ ઉપાધિઓ વધારતાં પહેલાંજ વિચાર કરવો ઘટે છે; ત્યાગ બુદ્ધિ હૃદયના છેલ્લા ખુણામાં વાસ કરતી હોય તો ચેતવાની જરૂર છે. માત્ર જાણ્યાજ અને સમજ્યાજ કરે તો ક્રિયાશૂન્ય રહેવાથી જળમાં પેસી પગ ન હલાવનાર તરીઆ પેઠે જળમાં ડુબી જાય છે તેમ ચારિત્ર મોહનીયનું બળ બન્યું બન્યું રહેતાં તમામ બંધનો જેવાંને તેવાંજ ખડા રહે છે.

* * * * *

જે સંસ્કારો જીવનમાં અનેક ઉપદેશો અને શાસ્ત્રીય સમજણ છતાં છુટતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી તે અવશ્ય બીજરૂપે જન્માંતરમાં સાથે આવે છે. અને અંકુરારૂપે પ્રકટવા માંડે છે. ત્યાં જો સંયોગો અને વાતાવરણ તે સંસ્કારોને ફેડવામાં પ્રબળ નીવડે તો અવશ્ય બીજરૂપે સંસ્કારો વિનાશ પામતાં નિર્મૂળ થાય છે, નહિ તો અનેક ભવો સુધી બીજરૂપે સાથે આવ્યે જાય છે અને કુદરતી વલણ મુજબ અંકુરારૂપે વધતા જતાં ફળો સારાં યા નરસાં આપ્યે જાય છે. આ સુખ દુઃખનાં મૂળ હોય છે.

* * * * *

સમાજની દૃષ્ટિએ બુદ્ધે પ્રતિપાદન કરેલો મધ્યમ પ્રતિપદા–માર્ગ હમેશાં લાભકારક નીવડે છે. એમ ભૂતકાલીન ઇતિહાસ સાક્ષી પુરે છે. ભૂતકાળના ઇતિહાસ ઉપર ભવિષ્યનો આશાવાદ મંડાય છે. મહાત્મા ગાંધીજીએ વ્યક્તિ તરીકે વિશાળ આત્મભોગનું જીવન જીવવા છતાં તેમણે અસહકારના મુખ્ય અંગ રૂપ ‘ મન વચન કાયાથી અહિંસા ’ નું સૂત્ર સમાજને માટે પસંદ કરી તે સૂત્રદ્વારા સ્વરાજ્યની પ્રાપ્તિ જાહેર કરેલી છે, પરંતુ સામાજિક જીવનમાં રસાયણરૂપ આ સૂત્રને જીરવી શકવાની તાકાત હોતીજ નથી તેથી તે પદ્ધતિનું ફળ મળી શકતું નથી. સમાજ આદર્શરૂપે આ પદ્ધતિ જીલી શકે પણ અમલ કરી શકે નહિ અને અમલ થયા વગર ‘ સ્વરાજ્ય–ધ્યેય ’ પ્રાપ્ત ન થઇ શકે. વ્યક્તિગત અહિંસાનું ઉપરોક્ત સૂત્ર પાલન થઈ શકે.

* * * * *

સમ્યગ્દર્શન એ સર્વાત્મક ગુણ છે અને તે શ્રદ્ધા રૂપ છે. સમ્યગ્જ્ઞાન એ આત્માની વિવેક દૃષ્ટિ છે; સમ્યક્ ચારિત્ર એ ચારિત્ર અને આત્માનું શુદ્ધ વર્તન છે. ત્રણે ઉત્તરોત્તર એક બીજાના ઉત્પાદક છે. દર્શનમોહનીયના ક્ષયોપશમ પછી સમ્યગ્દર્શન પ્રકટે છે. આ આત્મિક ગુણ હોવાથી આત્મા અશ્રદ્ધાના અંધકારથી પ્રકાશમાં આવે છે. ‘ આત્મા છે. ’ કર્તા છે. કર્મફળ ભોકતા છે વિગેરે વિશ્વાસ પ્રકટે છે. પોતાની અને સુખ દુઃખની ભિન્નતા સમજાય છે; સમ્યગ્જ્ઞાન એ વિશ્વાસને મજબુત કરવા સાથે સારાં નરસાનું, હેય, જ્ઞેય, ઉપાદેયનું જ્ઞાન આપે છે અને તે સમજણ આવ્યા પછી શુભવ્યવહારનું પાલન કરવા આત્માને અંદરથી પ્રેરણા થયાં કરે છે; જેમ જેમ આત્મા વર્તનમાં મુકતો જાય છે તેમ તેમ તે સમ્યક્ચારિત્રવાન ગણાય છે. વસ્તુસ્થિતિ આમ હોઈ શુદ્ધ દેવ ગુરૂ ધર્મની પીછાણને, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેયના વિવેકની સમજણને, અને દેશવિરતિ–સર્વ વિરતિ રૂપ સંયમને અનુક્રમે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના બહિરંગ લક્ષણો પ્રબોધેલાં છે.

* * *

સ્વાર્થ એ આત્માનો અનાદિ સંસ્કારથી પ્રૌઢ થયેલો વ્યાપક ગુણ છે. બે વરસનું બાળક સહુથી પ્રથમ પોતાના શરીરની રક્ષા તપાસે છે અને આહારની ગવેષણા કર્યાં કરે છે. મોટી ઉમ્મરે પણ મુખ્ય ભાવના એજ હોય છે; આ સ્વાર્થને જ્ઞાનપૂર્વક સ્વ અર્થ–આત્મિક અર્થમાં જો ફેરવી શકાય તો સ્વપરનું અનેક ગુણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિત સાધી શકાય છે. અન્યથા ભર્તૃહરીના વચન મુજબ ' માનુષ રાક્ષસ ' બની જાય છે; આત્માનું જેમાં શ્રેય થાય તે વાસ્તવિક ' સ્વાર્થ ' છે.

* * *

જીવન એ વાસ્તવિકપણે ' આત્માનો સદ્ગુણોમાં નિવાસ ' રૂપે છે. મૃત્યુ એ વાસ્તવિક રીતે બાહ્યજીવનને નવા લેબાસમાં શરૂ કરવા અર્થે છે; આવીચિ મરણ પલેપલે શ્વાસોચ્છવાસ દ્વારા આયુષ્ય ઓછું થાય છે તેને કહેવામાં આવ્યું છે. મૃત્યુ એક દૃષ્ટિએ દરેક મનુષ્ય પલે પલે અનુભવે છે. હું અમુક મનુષ્ય તરીકે જીવું છું એવી જન્મથી મૃત્યુ પર્યંતની ભાવના જીવનનું વર્તમાન સ્વરૂપ દર્શાવે છે. મૃત્યુ એટલે નવજીવનનું દ્વાર એટલુંજ સમજાય તો મૃત્યુથી દુઃખ ન ઉપજે. વિવેકાનંદ કહે છે કે ' હમેશાં મૃત્યુનો વિચાર કરતાં શીખો. એટલે મૃત્યુ ભય હજારો ગાઉ તમારાથી દૂર નાસશે ' મૃત્યુરૂપી કાળાં વાદળ પાછળ પ્રચંડ તેજનો અગાધ સાગર પ્રવર્તે છે, મૃત્યુ તો અનાદિ જીવનમાં અગાધ તેજના ઉદધિમાં એક પરપોટા સમાન છે તે હજારવાર જન્મે છે ને ફૂટી જાય છે. પરંતુ આ બન્ને જીવન મૃત્યુની ભાવનાઓ જો પલેપલે વિચારવામાં આવે તો જીવનનું વાસ્તવિક સ્વરૂપ સમજાતાં जयति तेऽधिकं जन्मना जगत् એવાં પ્રશંસાપાત્ર વચનોથી જીવનની ધન્યતા સાર્થક થાય છે. ( ફતેહચંદ. )

## સ્ફુરણ.

ભારતવર્ષની સભ્યતાનો પાયો, મનુષ્યની આવશ્યકતાઓ બને તેટલી ઓછી કરી તેનું જીવન આવરણ રહિત કરવાની ભાવના ઉપર રચાયેલો છે. પાશ્ચિમાત્ય સભ્યતાના મૂળમાં, મનુષ્યની આવશ્યકતાઓ બને તેટલી વધારી, તેને પુરી પાડવા માટે અવિશ્રાંત પ્રયત્ન કરવાની ભાવના રહેલી છે. એકની સુખ-ભાવના નિરૂપાધિકતા અને આત્મ સાક્ષાત્કારમાં છે, અન્યની સુખ-ભાવના ઉપાધિઓ અને આવરણોની બહુલતા અને આત્મ-વિસ્મરણમાં છે. એકનો લક્ષ્ય અતિન્દ્રિય સુખની સિદ્ધિ ઉપર, અને અન્યનો લક્ષ્ય ઇન્દ્રિયજન્ય સુખોની અભિવૃદ્ધિ ઉપર છે.

\+ \+ \+

જ્યારથી ભારતવર્ષની અધોગતિ શરૂ થઇ ત્યારથી આર્ય સભ્યતાની એ વિશુદ્ધ ભાવનામાં વિકાર થવો શરૂ થયો છે. તેમાં વિશેષ કરીને છેલ્લા ૨૦૦ વર્ષમાં તો એ મૂળ આદર્શ ભારતવાસીઓની માનસ-દૃષ્ટિમાંથી છેકજ લોપ પામી ગયો છે. માત્ર કોઇ કોઇ સ્થળે વિરલ મહાપુરૂષોના જીવનમાંજ એ આદિ ભાવ બીજ રૂપે રહેલો છે. પાશ્ચિમાત્ય સભ્યતાનો જ્યારથી આ દેશમાં પ્રવેશ થયો, ત્યારથી ભાર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તની ભાંગી તુટી અને વિકૃત સ્થિતિ ભોગવતી પણ મૂળ સભ્યતા અદૃશ્ય થઇ ગઇ છે, લોકોના મન ઉપર ભોગોપભોગ અને બાહ્યવસ્તુઓની વિપૂળતાની આસક્તિનું દબાણ પારાવાર વધી પડયું છે. મનુષ્ય માટે નિતાન્ત જે આવશ્યક વસ્તુઓ છે તે-નાથી તેને જરા પણ સંતોષ નથી, જ્યાં જુઓ ત્યાં પ્રચંડ જીવન–કલહ, ઝુંટા ઝુંટ તાણાતાણ, શ્વાસભર દોડધામ, વ્યગ્રતા, વેદના, ચિંતા અને હાયવોય લાગી પડી છે. શું કુદરત મનુષ્યનું જીવન નીભાવવા માટે આ પ્રકારની વસ્તુસ્થિતિ આવશ્યક ગણુતી હશે ?

\+ + +

કદી નહી. કુદરત મનુષ્ય માટે જે વસ્તુઓ જરૂરની ગણે છે, તે વિપૂળ પ્રમાણુમાં તેણે મનુષ્યની આસપાસ વેરી દીધી છે હવા, પ્રકાશ, જળ, અન્ન, વસ્ત્ર અને છાંયો, એટલીજ વસ્તુઓ મનુષ્ય માટે અનિવાર્ય જરૂર છે, અને તે બધુ પ્રત્યેક મનુષ્યને કુદરત આપ્યા વિના રહેતી નથી, પરંતુ ઔપાધિક સુખનો લોલુપી જીવ નિરૂપાધિક સુખની કદર કરી શકતો નથી· મનુષ્યને જો તેના અંતરમાં રહેલા સુખની કુંચી મળી જાય તો તે બહાર આટલી દોડાદોડ કરી મુકે નહી, તેને ખબર નથી કે સ્થાયી સુખ અંતરની નિરૂપાધિક, સહજ, સ્વાભાવિક સ્થિતિમાં છે, એ વાત સમજવા માટેજ આટ આટલા શાસ્ત્રો રચાયા છે, કુદરત ક્ષણે ક્ષણે એજ વાત તને કહ્યા કરે છે, પરંતુ મનુષ્યને ગળે તે વાત ઉતરતી નથી.

\+ + +

કયાંથી ઉતરે ? બહારની સામગ્રીનો મોહ જ્યાંસુધી ન છુટે, જ્યાં સુધી તેનું જીવન નિરૂપાધિક, સહજ અને સ્વાભાવિક કરવાની તેની આંતરકિ ઈચ્છા ન થાય તેનો જીવનક્રમ ન બદલાય, તેની માનસ દિશા ન ફરે, ત્યાં સુધી સુખની શોધ અં-તરમાં કરવાની તેની વૃત્તિ નજ થાય. એક વાર મનુષ્ય જો સાચા દિલથી ઇચ્છા કરે, પ્રયત્ન કરે તો જરૂર તેનો અંતરસ્થિત પ્રભુ તેને એ માર્ગે દોરે. પણ તેને વિરામ કયાં છે ? વૃત્તિજ કયાં છે ? એ મોહ છોડવાની ભાવનાજ કયાં છે ! ક્ષુદ્ર સ્વાર્થ, નિર્જીવ સુખોપભોગ, પામરવિલાસ, ક્ષણિક રંગરાગ, તુચ્છ આમોદ પ્રમોદ તેને એવા ગળે વળગ્યા છે કે તે છોડીને તેનાથી અનંતગુણ ઉચ્ચતર કોટીનું સુખ ભોગ-વવાનું તેને મનજ કયાં થાય છે ?

\+ × +

આપણી ખરી પરાધિનતા પરદેશી પ્રજાના શાસનની તાબેદારીમાં નથી. જો કે આપણું તેજ હણાઇ ગયું છે, તેથી આપણી મૂળ પ્રતિભા, અને આંતરિક શક્તિનો ક્ષય થયો છે. પરંતુ આપણી પરાધિનતાનો એ કાંઇ બહુ મોટો અંશ નથી. આપણું વિકટમાં વિકટ બંધન તો વાસનાઓની જાળમાં રહેલું છે, આપણા સ્વભા-વમાંથી ખરૂં ઔદાર્ય ચાલ્યું ગયું છે, આપણી પ્રકૃતિ પામર અને ભોગ–વિહ્વળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બની ગઇ છે, આત્મિક શૌર્ય, વીર્ય, મરદાઇ, હીમત, અને બધી ચીજો વિના નિભાવી લેવાની તાકાત, ચાલી ગઇ છે. આપણી તુચ્છ સંપત્તિ, ઘરબાર, ઇજત આબરૂ આપણા ગળામાં પથ્થરની ઘંટી રૂપે કામ કરી રહી છે. કોઇ પ્રકારનું સામાજીક, રાજનૈતિક કે કૌટુમ્બિક, વિઘ્ન અથવા આવરણ, દુર કરવામાં જે બહાદુરીની જરૂર છે તે આપણે ગુમાવી બેઠા છીએ. આપણે આપણી પ્રાચીન સભ્યતા ગુમાવીને ખરેખર રાંક, પામર, નિર્ધન પશુ જેવા બની ગયા છીએ. આપણી અધ્યાત્મિકતાની હાંસી કરાવીએ છીએ.

+ + +

અધ્યાત્મિકતા એજ ભારતવર્ષનું સાચું ધન અને ખરૂં ગૌરવ છે. પરંતુ વર્તમાનમાં એ મૂળ વસ્તુની કેટલે દરજ્જે વિકૃતિ થઇ છે, અને કઇ હદ પર્યંત એ આદર્શ લોપ પામ્યો છે, તેની ગણુના કરવી અશકય છે. ખરી આધ્યાત્મિકતામાં નિરૂપાધિકતા, સરળતા, ધર્મમયતા, વિરત્વ, નિર્ભયતા, હીમત આદિ ઉચ્ચતમ ગુણો હોય છે. આજે કયાં છે એ ખરી ચીજ ! એને બદલે કર્મજડતા, આચાર બહુલતા, શુષ્ક વિતંડાવાદ, અને વાણી વ્યાપારે આવીને સ્થાન લીધું છે. ચોતરફ ઘોર અંધકાર છે. આશાનું એકે કિરણુ દશ્યમાન થતું નથી.

+ + +

પરંતુ આશાવાન હૃદય નિરાશ થવાની ના પાડે છે. ભારતનો આત્મા કયાં સુધી નિંદ્રાવશ રહેશે ? હવે વિશ્વ જાગવા લાગ્યું છે. અને તે સાથે ભારતના સાચા અભ્યુદયના મંગળ પ્રભાતની પૂર્વ લાલી તેના પૂર્વાકાશમાં વિસ્તરેલી આશાવાન દૃષ્ટિ નિહાળે છે. ભારતના અંધકારનો દિવસ આવી ગયો છે. શું હવે પ્રકાશના પખવાડીયાની શરૂઆત નહિ થાય ? જરૂર થશે. ભારતની સંસ્કૃતિ અમર રહેવા નિર્માએલી છે. તેના બીજમાંથી એક વિશ્વ-વ્યાપી વૃક્ષ ઉદ્દભવશેજ. જેને ચક્ષુ છે તે જોઇ શકે છે, જેને હૃદય છે તે અનુભવી શકે છે કે ભારત આજ માર્ગે હવે વળતું જાય છે. એની મૂળ સભ્યતા પુનઃ પ્રતિષ્ઠિત થશેજ. ભારતનો ભાગ્યવિધાતા એ કામે લાગી પડયો છે.

+ + +

પરંતુ એ કાર્યમાં આપણે શું ફાળો આવશે ? આપણે હાથ પગ જકડીને એક ખુણે બેસીને, તટસ્થપણે, ઉદાસીનભાવે એ બધું જોયા કરીશું ? એનો ઉત્તર પ્રત્યેક વાચક પોતાના જીવનવડે આપે.

અધ્યાયી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન.

૧ **શ્રી લોક તત્ત્વ નિર્ણય ગ્રંથ**—મૂળ અને ભાષાંતર સહિત પ્રકાશક શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાયબ્રેરી વડોદરા તરફથી અમોને ભેટ મળેલ છે. આ ગ્રંથમાં લોક તત્ત્વનું સ્વરૂપ અને અન્ય દર્શનમાં જગતનું આત્માનું, ક્રિયા કર્મ વિગેરેનું સ્વરૂપ કેવી રીતે છે, તેમજ લોકાદિ ત્રણુ તત્વ અન્ય દર્શનીઓ કેવી રીતે કહે છે અને જૈન દર્શન કેમ કહે છે તેનું વર્ણન આપવામાં આવેલ છે. તત્વજ્ઞાનથી ભરપુર આ ગ્રંથના કર્ત્તા શ્રીમાન્ હરિભદ્રસૂરિ છે તો ખાસ જાણવા જેવો છે. આવા ભાષાંતરના ગ્રંથ પ્રત આકારને બદલે બુકાકારે પ્રસિદ્ધ કરવાની જરૂર છે. કિંમત આઠ આના.

૨ **મહિલા મહોદય**—આ સ્ત્રી ઉપયોગી ગ્રંથ સ્ત્રી સુખ દર્પણુ માસિકના તંત્રી શેઠ દેવચંદ દામજી કુંડલાકર ભાવનગર તરફથી અમોને ભેટ મળેલ છે. આપણા જીલ્લાઓમાં સ્ત્રી કેળવણી માત્ર સ્કુલમાં અપાય છે પરંતુ ખરેખરી ગૃહણી અને તેવા પુસ્તકો નથી તેમજ સ્કુલમાં પણુ શિક્ષણુ અપાતું નથી જ્યારે આ પુસ્તક તેના સાધનરૂપ છે. આ બુકમાં સ્ત્રી ઉપયોગી અનેક જાણુવાજોગ વિષયો (આરોગ્યતા, બાળ સંરક્ષણુ, સોળ સંસ્કાર વગેરે સાથે અનેક આદર્શ સતી સ્ત્રીઓના ટુંકા ચારિત્રો ફોટાઓ સહિત આપવામાં આવેલ છે. છેવટે સ્ત્રીઓના ધર્મ, માતૃ, પિતૃભકિત, સામાન્ય ધર્મ વિગેરે આપી ખાસ સ્ત્રી ઉપયોગી નમુનેદાર ગ્રંથ બનેલ છે જે દરેક બ્હેનોને અવશ્ય વાંચવ યોગ્ય છે. તેના લેખક મુનિ બાલવિજયજી છે. આ ગ્રંથ ખરેખર સ્ત્રી ઉપયોગી હોઇને મુંબઇ ઇલાકા, જુનાગઢ અને વડોદરા સ્ટેટે ઇનામ અને લાઇબ્રેરી માટે મંજુર કરેલો છે. કિં૦ ૨–૦–૦

૩ **વિશાશ્રીમાળી હિતેચ્છુ**—તંત્રી શેઠ દેવચંદ દામજી કુંડલાકર ભાવનગર તરફથી અમોને અભિપ્રાય માટે ભેટ મળેલ છે. આ માસિકનો જન્મ ગોહિલવાડ પ્રાંતની વીશાશ્રીમાળી જ્ઞાતિની ગયા આસો માસમાં વળા મુકામે ધારા–ધોરણુ નાત કરવા માટે મળેલ હતી તે થયેલ ધારા ધોરણુનો રીતસર અમલ થાય અને આ જ્ઞાતિનો અભ્યુદય કેમ થાય તેને માટે લેખો આપી તેમજ નાતના અનેક સમાચારો આપી જ્ઞાતિની સેવા બજાવવી તેવો હેતુ આ માસિકના તંત્રીનો હોય તેમ માલુમ પડે છે. અત્યારના સમયમાં, પેપર કે માસિક, સમાજ જ્ઞાતિ કે દેશના સુવિચારને કેળવવા, દોરવવા અને અવનતિ કરનાર રીત રીવાજો વગેરે દુર કરવાનું એક પ્રબળ સાધન છે. દરેક વીશાશ્રીમાળી બંધુઓએ તેના ગ્રાહક થઇ ઉત્તેજન આપવાની ખાસ જરૂર છે.

૪ **શ્રી આત્માનંદ જૈન સભા અંબાલા (પંજાબ)**—સં. ૧૯૨૧ના અકટોબરથી સં. ૧૯૨૨ના સપ્ટેંબર સુધીનો રીપોર્ટ અમોને મળ્યો છે. સ્થાપન થયા પછી માત્ર દશવર્ષમાં જૈન સમાજની પ્રગતિના અનેક કાર્યોનો જન્મ આ સંસ્થાએ આપ્યો છે તે રીપોર્ટ વાંચવાથી માલમ પડે છે, આ દેશના જૈન બંને પ્રકારની કેળવણીથી પછાત હતા તે ધારવા પ્રમાણુ હવે પછીના દશ વર્ષોમાં કદાચ બીજા જીલ્લા કરતાં આગળ નીકળી જાય તેમ રીપોર્ટ વાંચતા માલુમ પડે છે. કારણુ તેઓ "આરંભે શરા નહીં." પરંતુ લીધેલ કામ પરિપૂર્ણ કરવાની શ્રદ્ધા ધીરજ અને હિમતવાળા છે. આ રીપોર્ટમાં જણાવે છે કે સં. ૧૯૭૫ ની સાલમાં એક શ્રી આત્માનંદ જૈન લાઇબ્રેરી ખુલેલ છે અને સાથે શ્રી આત્માનંદ જૈન મીડલ સ્કુલનો જન્મ પણુ આપેલ છે, તેમજ ધાર્મિક શિક્ષણુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિંદિમાં ક્રમબદ્ધ આપવા માટે શ્રી આત્માનંદ જૈન શિક્ષાવલી ( બુકો ) લખાઇ તૈયાર થયેલ છે. આ સભાનું સં. ૧૯૧૨ માં સ્થાપન થયા પછી સને ૧૯૧૫ માં ધર્મ પ્રચારના માટે શ્રી આત્માનંદ જૈન ટ્રેકટ સોસાઇટી સ્થાપિત કરી, નાના નાના અનેક પુસ્તકો પ્રગટ કરી સાહિત્યસેવા પણ બજાવે છે. ઉપર જણાવેલ મીડલ સ્કુલ સાથે બાળાઓ માટે શ્રી આત્માનંદ જૈન કન્યા પાઠશાળા પણ શરૂ કરી છે. બોર્ડીંગ હાઉસ, સ્કોલરશીપો વગેરે પણ બાળકની કેળવણીના ઉત્તેજનના અનેક સાધનો થોડી મદદે ઉત્પન્ન કરેલ છે, પંજાબ જીલ્લામાં જૈન ધર્મની પ્રગતિ, બંને પ્રકારની કેળવણીનો પ્રચાર માટે આ સંસ્થાને જેમ પ્રબળ ઇચ્છા જણાય છે, તેમજ જે ગુરૂરાજના નામથી આ સંસ્થા અને અંતર્ગત કાર્યો છે તે બધા સાથે પૂજ્ય ગુરૂ મહારાજનું નામ જોડી, જન્મ આપી ખરેખર ગુરૂ ભક્તિ દર્શાવી છે. પૂજ્યપાદ આત્મારામજી મહારાજના સ્વર્ગવાસથી અને વિદ્યમાન શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજની ત્યાંની ગેરહાજરીથી જે ઉત્સાહ મંદ થયો હતો તે હાલમાં વિદ્વદ્વર્ય શ્રીમાન્ વલ્લભવિજયજી માહારાજના ત્યાં વિચરવાથી–બીરાજમાન થવાથી ઉત્સાહ વધવા સાથે કેળવણીની વૃદ્ધિ માટેના કાર્યોનો પણ જન્મ આપી ઉક્ત મહાત્માની સમયાનુસાર ઇચ્છા, વિચાર, અને મનોરથો પુરા કરવા આ સંસ્થા કટીબદ્ધ થઇ છે. મીડલસ્કુલ, હાઇસ્કુલ અને કોલેજનો જન્મ ભવિષ્યમાં ત્યાંના જૈન બંધુઓ આપી આખા પંજાબનું જૈનત્વ ખીલવશે, કેળવણીની વૃદ્ધિ કરશે અને જૈનધર્મનું મહત્વ વધારશે એમ અમોને આ રીપોર્ટ વાંચતા જણાય છે. ત્યાં બીરાજમાન મહાત્માશ્રી વલ્લભવિજયજી મહારાજની કૃપા, સુચના અને ઉપદેશ વડે ભવિષ્યમાં તેમ બનો એમ ઇચ્છીયે છીયે.

# વર્તમાન સમાચાર.

જણાવવાને અત્યંત હર્ષ થાય છે કે અમારી સભાના સભાસદ બંધુ ઓધવજી ધનજીભાઇ ભાવનગર નિવાસી હાલમાં સોલીસીટરની પરિક્ષામાં પસાર થયેલા હોવાથી, તેમને માનપત્ર આપવાનો મેળાવડો આ સભા તરફથી માહ શુદ ૫ સોમવાર તા. ૨૨–૧–૧૯૨૩ ના રોજ આ શહેરની હાઇકોર્ટના ચીફ જડજ મેહેરબાન ભાસ્કરરાવભાઇ વિઠ્ઠલદાસ એમ એ એલ એલ બી, એડવોકેટના પ્રમુખપણા નીચે આ સભાના મકાનમાં દીવસના ચાર કલાકે ( સ્ટા. ટા. ) કરવામાં આવ્યો હતો. પ્રમુખ સાહેબ ઉપરાંત જૈનકોમના અગ્રેસરો, આ સભાના સભાસદો, રાજ્ય ન્યાય ખાતાના અન્ય અધિકારીઓ, કોલેજના પ્રોફેસરો વગેરેએ પણ હાજરી આપી હતી. પ્રમુખની નિમનોક થયા બાદ સભાના સેક્રેટરીએ સભા તરફથી માનપત્ર વાંચી સંભળાવ્યું હતું અને માનપત્ર ખાદી ઉપર તે ખાસ છપાવી રૂપાના કાસકેટમાં દાખલ કરી બંધુ ઓધવજીને પ્રમુખ સાહેબના મુબારક હસ્તે અર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બંધુ ઓધવજીભાઇએ યોગ્ય જવાબ આપ્યો હતો અને છેવટે પ્રમુખ સાહેબે ઓધવજીભાઇના જવાબ માટે પ્રશંસા કરતાં પોતાના ઉચિત વિવેચન સાથે પુલહાર અર્પણ થતાં મેળાવડો વિસર્જન થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ શેઠ સવચંદ કચરાભાઇ | મુંબઇ | પે૦ વ૦ લાઇફ મેમ્બર. |
| ૨ શેઠ ત્રીભોવનદાસ પરશોતમદાસ | ,, | ,, |
| ૩ શેઠ લાલજી રામજી | ,, | ,, |
| ૪ શેઠ ફુલચંદ સૌભાગ્યચંદ | ,, | ,, |
| ૫ શેઠ દેવીદાસ કાનજીભાઇ | ,, | ,, |
| ૬ વકીલ ગુલાબચંદ વાઘજીભાઇ | વઢવાણ કાંપ | બી૦ વ૦ લાઇફ મેમ્બર. |
| ૭ સલોત હરગોવનદાસ લક્ષ્મીચંદ | રે૦ ભાવનગર ( વાર્ષિકમાંથી ) | ,, |
| ૮ શા જાદવજી લલ્લુભાઇ | ,, | પે૦ વ૦ વાર્ષીક મેમ્બર. |
| ૯ શા પ્રભુદાસ મૂળચંદ | ,, | ,, |
| ૧૦ શા હીરાલાલ મણીલાલ | રે૦ ધોલેરા | ,, |

# અમારી સભાનું જ્ઞાનોધ્ધાર ખાતું.

**નીચેના ગ્રંથોમાંથી કેટલાક છપાય છે, કેટલાકની યોજના થાય છે.**

૧ જૈન મેઘદૂત સટીક.
૨ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ.
૩ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી ઉજમ બ્હેન તથા હરકોર બ્હેન તરફથી.
૪ ષટ્સ્થાનક સટીક.
૫ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૬ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૭ શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક.
૮ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૯ જૈન ગ્રંથ પ્રસસ્તિ સંગ્રહ.
૧૦ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૧ ધાતુપરાયણ.
૧૨ શ્રી નંદીસૂત્ર–શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા સાથે બુહારીવાળાશેઠ મોતીચંદ સુરચંદ તરફથી.
૧૩ ગુરૂતત્ત્વ વિનિશ્ચય શેઠ પરમાનંદદાસ રતનજી ગોઘાવાળા, હાલ મુંબઇ.
૧૪ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૫ દાનપ્રદીપ. ભાષાંતર શાહ નાનાલાલ હરિચંદ ભાવનગર તરફથી.
૧૬ ધર્મરત્ન પ્રકરણ. ,,
૧૭ નવતત્ત્વ ભાષ્ય ,,
૧૮ શ્રી નેમિનાથ ચરિત્ર ,,
૧૯ શ્રી પ્રભાવિક ચરિત્ર ,,
૨૦ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. ,

નંબર ૧૪–૧૬–૧૭–૧૮–૧૯–૨૦ ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુસ્તકો રૂપી આવરણ.

પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે, આપણા શિક્ષકો પુસ્તકો ભણાવવા માટે ઉપલક્ષ્ય છે; અને આપણે ઉપસર્ગ છીએ. તાત્પર્ય કે, આપણે જે પુસ્તકો ભણીએ છીએ તેમાં આપણા શિક્ષકો થોડી ઘણી સહાય આપે છે. આનું પરિણામ એ આવ્યું છે કે કૃત્રિમ ઉપકરણોથી જેમ આપણું શરીર પરાધીન બની ગયું છે–તે પૃથ્વીના સાક્ષાત સંયોગથી વંચિત થઈ બેઠું છે અને તે એટલું તો અભ્યસ્ત બની ગયું છે કે, એ સંયોગ થવાથી મનને જે એક પ્રકારની શક્તિ મળવી જોઇએ તે મળવી બંધ થઇ ગઇ છે. સારાંશ કે, બધી બાબતનું જ્ઞાન માત્ર પુસ્તકો દ્વારા જ મેળવવાનું હવે આપણને વ્યસન પડી ગયું છે. જે વસ્તુ આપણી સન્મુખ પડી હોય છે તેનું જ્ઞાન મેળવવા માટે પણ આપણે પુસ્તકોનો આશ્રય લેવા મંડી જઇએ છીએ. એક નવાબના સંબંધમાં એવું સંભળાય છે કે, પગમાં બૂટ પહેરાવવા માટે નોકરને આવતાં વાર લાગી તેથી તે એમને એમ ઉભા જ રહ્યા અને દુશ્મનના કેદી બન્યા; પરંતુ પોતાની મેળે બૂટ ન જ પહેર્યા. આપણાં મનની નવાબી પણ પુસ્તકોનાં ચક્કરમાં પડવાથી વૃદ્ધિગત થઇ ગઇ છે. એકાદ ક્ષુદ્ર બાબત માટે પણ પુસ્તકની સહાય નહિ મળે તો આપણા મનને કોઇ પણ પ્રકારનો આશ્રય મળવાનો નહિ. આવા વિકૃત સંસ્કારદોષથી આપણામાં જે નવાબી આવી ગઇ છે તેને આપણે લજ્જાકર નહિ પરંતુ ગારવજનક સ્હમજવા લાગ્યા છીએ એ કંઇ થોડા આશ્ચર્યની વાત નથી. પુસ્તકો દ્વારા મેળવેલા જ્ઞાન માત્રથી જ આપણને પોતાને પંડિત શિરોમણી સ્હમજીએ છીએ આનો અર્થ એ જ થાય છે કે આપણે જગત્‌ને મન દ્વારા નહિ પરંતુ પુસ્તકો દ્વારાજ જોવાનો પ્રયત્ન કરીએ છીએ.

મનુષ્યનાં જ્ઞાન અને ભાવનાઓને એકત્રિત કરી રાખવાં માટે પુસ્તક જેવા ઉમદા એક પણ વસ્તુ નથી એમ અમે માનીએ છીએ. પુસ્તકોની કૃપાથી જ મનુષ્ય જાતિની હજારો વર્ષ પૂર્વેની સ્થિતિ અને તેમની ભાવનાઓનું જ્ઞાન આપણે હૃદયસ્થ કરી શકીયે છીએ. પરંતુ આ માન્યતાને દૃઢતાથી પકડી રાખીને જો આપણે સ્વાભાવિક શકિતને ઢાંકી જ દઈએ તો તો આપણી બુદ્ધિ મંદ થઇ જાય, આપણે શેઠ બની જઇએ એમાં લેશ માત્ર પણે સંદેહ નથી. શેઠ કોણ કહેવાય તે વાંચકવર્ગના જાણવામાં હશે જ. જે મનુષ્ય બીજાની આધીનતામાં રહે છે, અર્થાત્ જેને નોકરચાકર વગેરેની જરૂર પડે છે તે શેઠ કહેવાય છે. પોતાની શક્તિનો પ્રયોગ કરવાથી જે વાસ્તવિક સુખની પ્રાપ્તિ થાય છે તે શેઠીયા લોકો સ્હમજી શકતા નથી, અર્થાત પરિશ્રમ લઇને સત્યસંશોધન કરવામાં જે આનંદ રહેલો છે તે પુસ્તકપડનમાં નથી જ. પુસ્તકોપર જ પ્રત્યેક બાબતમાં આધાર રાખવાની ટેવ પડવાથી આપણી શક્તિનો વિધ્વંસ થાય છે અને શકિતસંચાલનથી જે સુખ પ્રાપ્ત થાય છે તે નથી થતું, એટલુંજ નહિ, પરંતુ સંચાલન કરવાનો પ્રસંગ ઉપસ્થિત થતાં તે કષ્ટકર જણાય છે.

શીક્ષાનો આદર્શ.

For Private And Personal Use Only